### અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને જિલ્લા માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘનાં સંયુક્ત ઉપક્રમે

# અમરેલીમાં વહીવટી સજ્જતા સેમીનાર યોજાયો

**૨૫ ડીસેમ્બરે યોજાયેલા સેમિનારમાં અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી કનકભાઇ જાની, જીતેન્દ્રકુમાર ભંડેરીની ઉપસ્થિતિમાં તરવડા ગુરૂકુળ ખાતે સેમિનારમાં માર્ગદર્શન અપાયું**

**પ્રથમ બેઠકનાં ઉદ્‌ઘાટક તરીકે શ્રી મિતેશભાઇ મોદી, શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી મહેશભાઇ કસવાલા, શ્રી રામસ્વામી અને ડીઇઓ શ્રી એમ.બી. ગોહિલ સહિત અધિકારીઓની ઉપસ્થિતિ**







અમરેલી,અમરેલીજિલ્લાશિક્ષણકચેરીઅને જિલ્લામાધ્યમિક,ઉચ્ચતરમાધ્યમિકશાળા વહિવટી કર્મચારી સંઘ અમરેલીનાં ઉપક્રમે ૨૮મો વહીવટી સજ્જતા સેમિનાર ૨૫ ડીસેમ્બરે તરવડા ગુરૂકુળ ખાતે યોજાયો હતો. જેમાંજિલ્લાશિક્ષણઅધિકારીતથાશ્રી કનભાઈ જાની, શ્રી જીતેન્દ્રભાઈ ભંડેરી સહિત અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું હતું. પ્રથમ બેઠકનું ઉદઘાટન પ્રમુખશ્રી ગુજરાતરાજ્યશાળાવહિવટીકર્મચારીસંઘ મહામંડળ ગાંધીનગરનાં પ્રમુખ શ્રી મિતેશભાઈ મોદીતથાસમારોહનાંઅધ્યક્ષ પદે નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાઅનેધર્મપ્રિયસ્વામીશ્રીરામસ્વામી તથા મુખ્ય મહેમાન પદે શ્રી એમ. બી. ગોહિલ, શ્રી પંકજભાઈ રાજયગુરૂ, વિનોદભાઈ પટેલ, મુકુંદભાઈ મહેતા, જિલ્લા આચાર્ય સંઘનાં વિપુલભાઈ વ્યાસ, અમરેલીજિલ્લાઆચાર્યસંઘનાંસુરેશભાઈ હિરપરા, પી.આર.રાઠોડ, નિલેશભાઈ મહેતા,તુલસીભાઈ મકવાણા,નિલેશભાઈ કોઠડીયા, પી.ડી.મીયાણી, બિપીનભાઈ રાઠોડ,વિપુલભાઈ વેકરીયા, અરવિંદભાઈ મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં અને શ્રી અરવિંદભાઈ મહેતાનુંનિવૃતિસન્માનતથા મરણોત્તર સન્માન સહિત કાર્યક્રમો સાથે સ્નેહમિલનમાં બિનસરકારી માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળા વહિવટી કર્મચારી ગ્રાહક ધીરાણ શરાફી સહકારી મંડળીનાં તમામકારોબારીસભ્યોઉપસ્થિતરહ્યાંહતાં.

### નિલવડાની ઘટનામાં કડક પગલા લેવા અમરેલી એસપીને આવેદન અપાયું

## બાબરાના નિલવડાના બનાવમાં આરોપી તરીકે મહિલા પોલીસ કર્મીને નહીં જોડાય તો અમરેલીમાં ઉપવાસ આંદોલન

**અનુજાતિના આગેવાનોએ રોષભેર એસપીને રજુઆત કરી**



અમરેલી,બાબરાના નિલવડા ગામે અનુજાતિના વિજય મુળજીભાઈ ખીમસુરીયાને બે આરોપીઓએ હાથપગ ભાંગી નાખી ગુનો આચરેલ છે. બાબરા પોસ્ટેના મહિલા પોલીસ કર્મી રાજેશ્રીબેન વાળાએ ઉશ્કેરણી કરી જેના કારણે તેના ભાઈઓ વિજય ખીમસુરીયાના હાથ પગ ભાંગી નાખેલ છે. આ અંગે પોલીસ કર્મી રાજશ્રીબેન વાળાનું નામ આરોપી તરીકે દાખલ કરવા અને તાત્કાલીક બદલી કરી પગલા લેવા અને જો તેમ નહીં થાય તો અમરેલી કલેકટર કચેરી સામે ઉપવાસ કરવા અને આંદોલન ઉગ્ર બનાવવા માંગ સાથે અમરેલીના એસપીને આવેદન આપી આગેવાનો વિકીભાઈ ચાવડા, નવચેતનભાઈ પરમાર, ભરત કાતરીયા, વસંત ચાવડા, મનસુખભાઈ રાઠોડ રામોદ, પી. એલ મારું, અરંવિદભાઈ પરમાર, મુકેશભાઈ ગોહિલ, મનીષભાઈ ગોહિલ, મગનભાઈ માધડ, ખીમજીભાઈ મારું, મયુરભાઈ સોંધરવા, શરદભાઈ મકવાણા, કે કે વાળા, રમેશભાઈ સોંધરવા, નરેશભાઈ વાળા તેમજ સમગ્ર અનુ.જાતિ સમાજ ગુજરાત સહિતે રજુઆત કર્યાનું જણાવ્યું છે.

### જેમને આરોપી તરીકે જોડવા આવેદન અપાયું તે

## બાબરાનાં એ મહીલા એલઆરડીએ પોલીસ સ્ટેશનમાં ઝેરી દવા પી લીધી

**બાબરા પોલીસના મહીલા એલઆરડીને બેભાન હાલતમાં અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં ખસેડાયા**

અમરેલી,(ડેસ્કરિર્પોટર)

બાબરાના નિલવડાના ખુનના પ્રયાસ અને એટ્રોસીટીના કેસમાં જેમને આરોપી તરીકે જોડવા અમરેલીમાં આવેદન અપાયું હતુ તે બાબરા પોલીસ સ્ટેશનના મહીલા એલઆરડી રાજેશ્રીબહેન વાળાએ પોલીસસ્ટેશનમાંઝેરી દવા ગટગટાવી લેતા સારવારમાં અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં ખસેડાયેલ છે તે બેભાન હોવાનું સુત્રો જણાવી રહયા છે.

### બાબરાના નિલવડાની ઘટનામાં

## મહીલા એલઆરડીનું નામ એફઆઇઆરમાં છે જ : અમરેલી એસપી શ્રી સંજય ખરાત

**બાબરાના નિલવડાના હત્યાના પ્રયાસ અને એટ્રોસીટીના ગુનામાં પોલીસે બે પૈકી એક આરોપીને પકડી પાડયો**

અમરેલી,(ડેસ્કરિર્પોટર)

બાબરાના નિલવડા ગામના હત્યાના પ્રયાસ અને એટ્રોસીટીના આરોપીમાં એલઆરડીને જોડવાની માંગ સામે અમરેલીના એસપીશ્રી સંજય ખરાતે જણાવ્યું હતુ કે આ કેસમાં મહીલા એલઆરડીએ ફરિયાદીને ધમકકીઆપી હોય તેનો ઉલ્લેખ છે અને તેનું નામ પણ એફઆઈઆરમાં છે જ અને બીજી તરફ બાબરાના નિલવડાના હત્યાના પ્રયાસ અને એટ્રોસીટીના ગુનામાં પોલીસે એક આરોપીને પકડી પાડયો છે.

### મહીલા એલઆરડીએ બાબરા પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા પી લેતા

## આજે અમરેલીમાં કાઠી ક્ષત્રિય સમાજ આવેદન પાઠવશે

**સમાજની દિકરીને ન્યાય અપાવવા માટે કાઠી ક્ષત્રિય સમાજ બીડુ ઉઠાવશે : ત્રણ વાગ્યે હનુમાનપરા વાડીએ એકત્ર થશે : ચાર વાગ્યે આવેદન**

અમરેલી,

મહીલા એલઆરડીએ બાબરા પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા પી લેતા તેમને બેભાન હાલતમાં અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હોય તેની જાણ થતા કાઠી સમાજનાં આગેવાનો ત્યાં દોડી ગયા હતાં અને આજે અમરેલીમાં કાઠી ક્ષત્રિય સમાજ એકત્ર થઈ આવેદન પત્ર પાઠવનાર હોવાનું જાણવા મળેલ છે.

સમાજની દિકરીને ન્યાય અપાવવા માટે કાઠી ક્ષત્રિય સમાજ બીડુ ઉઠાવશે અને ત્રણ વાગ્યે હનુમાનપરા વિસ્તારમાં આવેલ કાઠી સમાજની વાડીએ એકત્ર થશે અને ચાર વાગ્યે આવેદન પત્ર પાઠવવાનાં હોવાનું કાઠી સમાજનાં આગેવાનોએ જણાવ્યું હતું.

## પીએમએવાય ૨.૦ના પોર્ટલમાં સુધારો કરવા માંગણી

ચલાલા, (પ્રકાશ કારીયા) ચલાલામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ના ફોર્મ ભરવાનું શરૂ છે. આ ફોર્મ ભરવામાં હાલ બન્ને ભાઈઓ તથા માં દિકરો અલગ અલગ પ્લોટ છે. અલગ રેશનકાર્ડ છે પરંતુ પોર્ટલમાં જે અરજદાર હોય તેમના માતા પિતાના આધારકાર્ડ નાખવા જરૂરી છે. તે બન્ને ભાઈઓ ફોર્મ ભરે તો એક ભાઈનું ફોર્મ પોર્ટલ ઉપર સ્વીકારે છે. અને બીજા ભાઈનું ફોર્મ ભરતી વખતે તેમના માતા પિતાના આધારકાર્ડ સબમીટ કરીએ તો પોર્ટલ સ્વીકારતું નથી. આવા સંજોગોમાં બન્નેના માતાપિતા એક જ હોય બન્ને ભાઈઓ અથવા મા દિકરો અલગ રહેતાં હોય આવા સંજોગોમાં બન્નેના ફોર્મ સ્વીકારવા જરૂરી હોય તો પોર્ટલમાં આવતી વિસંગતતા દુર કરવા ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયાને પત્ર પાઠવી ચલાલા પાલિકાના પુર્વ ઉપપ્રમુખ અનિરૂધ્ધભાઈ વાળાએ રજુઆત કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

## બાબરાના નિલવડામાં ખુનની કોશિષ અને એટ્રોસીટીના ગુનામાં આરોપી ઝડપાઇ ગયો

**બાબરા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને શોધી કાઢયો**



અમરેલી,ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમપરમાર તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનતા શરીર/મિલ્કત સંબંધી ગુન્હાઓના આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ હોય, તા.૨૨/૧૨/૨૦૨૪ના રોજ રજી.થયેલ હોય.આ કામના ફરીયાદીના કાકાના દિકરાને નીલવડા ગામના શિવાભાઈ ગભરૂભાઈ ધાધલ તથા લાલો બાબુભાઈ ધાધલે ઢીકાપટુનો માર મારી અને છરી મારી દેવાની ધમકી આપી જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, હડધુત કરેલ હોય જેથી તે લોકો વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ લખાવેલ હોય અને આ કામના આરોપીઓ તે લોકોના સબંધી થતા હોય જેની જાણ આ કામના આરોપીઓને થયેલ હોય જેથી તે ફરીયાદનું રાગદ્રેશ રાખી આ કામના ફરીયાદીને આરોપીઓએ જાનથી મારી નાખવાનું પુર્વઆયોજીત કાવતરૂ રચી લોખંડના પાઈપો લઈ મોટર સાઈકલ લઈને નીલવડા ગામે આવી ફરીયાદીને બિભત્સશબ્દોમાં ગાળો આપી, આરોપીઓએ મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપોથી ફરીયાદીને મારમારી બન્ને પગ તથા ડાબા હાથે ગંભીર તથા ફેકચરો આવે તેવી ઈજા પહોંચાડી તેમજ જમણા હાથે મુંઢ ઈજા કરી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, અપમાનીત કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય જે અન્વયે બાબરા પો.સ્ટે, ગુન્હો રજી થયેલ હોય જેની તપાસ જયવીર ગઢવી,IPS મદદનીશ પોલીસ અધિક્ષક ધારી વિભાગ, ધારીનાઓ ચલાવતા હોય અને ગુન્હાની ગંભીરતા સમજી બાબરા પોલીસ સ્ટેશન તેમજ અમરેલી એલ.સી.બી. તથા એસ.ઓ.જી શાખા પોલીસની અલગઅલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સ મદદથી તેમજ હ્યુમન સોર્સની માહીતી આધારે આરોપીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી બાબરા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીને અટક કરી, પોલીસ રીમાન્ડ મેળવી આજરોજ આરોપીને સાથે રાખી ગુન્હામાં ઉપયોગમાં લીધેલ લોખંડનો પાઈપ ડીસ્કવરી પંચનામાં દરમ્યાન કબ્જે કરવામાં આવેલ તેમજ આરોપી રવીરાજભાઈ બહાદુરભાઈ વાળાને સાથે રાખી નીલવડા ગામે બનાવનું રીકંન્ટ્રકશન કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.ઉપરોક્ત કામગીરી જયવીર ગઢવી IPS મદદનીશ પોલીસ અધિક્ષક ધારી વિભાગ,ધારી તથા એ.એમ.પટેલ,પો.ઈન્સ., એલ.સી.બી.તથા આર.ડી.ચૌધરી, પો.ઈન્સ. એસ.ઓ.જી.તથા ડી.કે.વાઘેલા પો.ઈન્સ.બાબરા પોલીસ સ્ટેશન તથા ટીમ તથા એલ.સી.બી શાખા અમરેલી ટીમ તથા એસ.ઓ.જી શાખા અમરેલી ટીમ દ્વારા કરવામાં આવેલ છે.


### જાહેર નોટીસ

આથી અમો ભાવિકકુમાર વિ.ઉનાગર એડવોકેટ રે.ધારી, તા.ધારી, જી.અમરેલી ના આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે જુના ચરખા, તા.ધારી, જી.અમરેલી તે ગામના સીમતળની ખેતીની જમીન નીચે લખ્યા મુજબના ખાતેદારોના ખાતે / નામે ચાલે છે.

| ખાતેદારનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ગભરૂભાઇ અમરૂભાઇ ધાધલ | ૬૫૬ | ૧૩૮ પૈકી ૨૨ | ૨.૪૨.૮૧ | ૧૮.૦૦ |
| | ૬૫૬ | ૧૩૮ પૈકી ૨૩ | ૨.૪૨.૮૧ | ૧૮.૦૦ |

ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીન ઉપરોક્ત ખાતેદારની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે અને તેઓની પાસેથી ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીનનો કાયદેસર રીતે અવેજ ચુકવી ખાલી કબજા સાથે અમારા અસીલ દ્વારા ખરીદવા સમજુતી કરેલ છે. અને અમારા અસીલ તેઓની પાસેથી કાયદેસર રીતે સંપુર્ણ અવેજ ચુકવી ખાલી કબજા સાથે પાકો વેચાણ દસ્તાવેજ કરાવવા ઇચ્છતા હોય જેથી આ ખેતીની જમીન બાબતે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો કે દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધા તકરાર હોય અગર તો કોઇપણ જાતનું લ્હેણુ સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખીતમાં આધારો સાથે અમારી ઓફીસના દર્શાવેલા સરનામે અમોને જાણ કરશો ઉપરોક્ત દર્શાવેલ સમય મુદત સુધીમાં કોઇને વાંધો કે લેખીત જાણ અમોને કરવામાં નહી આવે તો અમારા અસીલ એક શુધ્ધબુધ્ધિના ખરીદદાર તરીકે અવેજની પુર્ણ રકમ ચુકવી અમારા અસીલ જોગ પાકો રજીસ્ટર દસ્તાવેજ નોંધાવી લેશે અને મુદત વિત્યે કોઇપણનો વાંધો તકરાર હિત, હિસ્સો ઉત્પન્ન થશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જે આ નોટીસ આપી જાહેર જનતા અને લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

સ્થળ : ધારી
તારીખ : ૨૬-૧૨-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામુ : ''આલોક એસોસીએટ''
આદર્શ કોમ્પલેક્ષ, દુકાન નં.જી-૭,
લોહાણા મહાજન વાડી સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.ધારી, જી.અમરેલી

અસીલની સુચનાથી
ભાવિકકુમાર વિ.ઉનાગર - એડવોકેટ
મો.૯૦૯૯૬ ૦૯૦૯૦






॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુલ્ડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.



### પ્લોટ વેચવાનો છે

મુ.વિજપડી, તા.સાવરકુંડલા
ક્ષેત્રફળ : ૧૦૦૦ ચોરસ મીટર
૩ બાજુ રસ્તા, ટાઇટલ કલીયર
મેઇન બજાર, રામજી મંદિર આગળ
મળો : અમાનભાઇ રસભર્યા
સંપર્ક : મો.૯૯૨૫૬ ૬૫૧૭૭





અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.



### ધી રાજુલા નાગરિક સહકારી બેંક લી.

-:: જાહેર નિવિદા ::-

આથી હિત ધરાવનાર તમામ કોન્ટ્રાક્ટર / ઇજારદારો / સપ્લાયરો ને જણાવવાનું કે, ધી રાજુલા નાગરિક સહકારી બેંક લી. રાજુલા શહેરમાં બેકીંગ કામગીરી કરે છે. તેમજ રાજુલા શહેરમાં બેંક પોતાના સ્વભંડોળમાંથી બેંકને પોતાના નવા બિલ્ડીંગમાં નીચે મુજબની જરૂરીયાત હોય, તે અંગે રાજુલા શહેર કુંભારવાડા વિસ્તારમાં સી.સ.નં. ૩૯૩૨ માં અંદાજીત ૧૫૩.૯૦ ચો.મી. માં બેંકની જરૂરીયાત મુજબની નીચે મુજબની કામગીરી કરવાની હોય તે અંગે નીચેની વિગત મુજબના ભાવ રસ ધરાવતા ઇસમોએ જાહેરાત આપ્યાની તારીખથી દિન-૭ (સાત) માં બંધ કવરમાં પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે.

(૧) બેંકના નવા બાંધકામમાં પુટી કામ (મજુરી) અંદાજે ૧૫૦૦૦ ફુટ
(૨) બેંકના નવા બાંધકામમાં બેંકને જરૂરી લાઇટ ફીટીંગ કામ (માલસામાન સાથે અને મજુરી (બન્ને) ના ભાવ)
(૩) બેંકના નવા બાંધકામમાં બેંકને જરૂરી ફર્નિચર કામ (પાટીશન સાથે) (માલસામાન અને મજુરી (બન્ને) ના ભાવ અંદાજે - ૧૨૦૦ ફુટ)

ભાવ મોકલવાનું સરનામું :-
ચેરમેન / પ્રમુખશ્રી
ધી રાજુલા નાગરિક સહકારી બેંક લી.
એમ.જી.રોડ, લાઇબ્રેરી બિલ્ડીંગ, શાકમાર્કેટ સામે, રાજુલા, જી.અમરેલી (ગુજ) ૩૬૫૫૬૦

ચેરમેન તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
ધી રાજુલા નાગરિક સહકારી બેંક લી.



### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૪૧/૨૦૨૪
અરજદાર :- શ્રી મુગલ નજમાબેન ઈબ્રાહીમભાઈ રહે.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા જાફરાબાદ

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી મુગલ નજમાબેન ઈબ્રાહીમભાઈએ તેમની પુત્રી નામે શ્રી રોશનબેન ઈબ્રાહીમભાઈ મુગલનો જન્મ તા.૧૯-૦૪-૧૯૮૦ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી મીલન આર.જોષી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૪ માહે ડિસેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ




### એસટી ડેપો સામે દુકાન વેચવાની છે

અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે, જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
દુકાન વેચવાની છે
મો.૭૦૧૬૭ ૩૫૦૦૪



અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



### મકાન વેચવાનું છે

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨



### સ્પેશિયલ મંદિર માટે

મોરની સાઉન્ડ સિસ્ટમ
આરતી સમયે વગાડવા માટે શંખ,
ઝાલર, નગારાની સાઉન્ડ સિસ્ટમ
તેમજ મંત્ર જાપની સિસ્ટમ માટે
સ્વામિ ઇલેક્ટ્રોનિક
પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, પટેલ ટાયરની પાસે, સ્ટેશન રોડ, અમરેલી મો.૯૮૯૮૨ ૪૮૭૮૯






દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

### શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી દ્વારા ઉજવાતા પંચદશાબ્દી મહોત્સવને પાવન કરતા પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

# અમરેલીમાં પંચ દશાબ્દી મહોત્સવમાં શાકોત્સવ ઉજવાયો

**શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી ભરતભાઇ ચૌહાણ, શ્રી અશોક કોઠીયા, શ્રી વસંત મોવલીયા સહિતનાં મહાનુભાવોએ મહોત્સવમાં સત્સંગી જીવન કથાનો લ્હાવો લીધો**

**શ્રી ઘનશ્યામ યુવક મંડળ અમરેલીનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, યજ્ઞોપવિત, બ્લડ ડોનેશન કેમ્પ સહિતનાં સેવાકાર્યો યોજાયાં : અમરેલીની ધર્મપ્રેમી જનતા ઉમટી**



અમરેલી, ભારતીય સંસ્કૃતિ ઉત્સવ અને પર્વનો સમન્વય છે. એવો જ દિવ્ય અને ભવ્ય ઉત્સવ જ્યારે અમરેલીના આંગણે ઉજવતા રહેલો પંચદશાબ્દી મહોત્સવ લોક હદયને આત્મકલાના માર્ગને વેગવંતો બનાવે છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રભુ એ ઉજવેલો દિવ્ય શાકોત્સવની સ્મૃતિરૂપ ઉત્સવ પ્રસંગે દિવ્ય શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. કથા અને પ્રભુ પ્રસાદનો આસ્વાદ બહોળી સંખ્યામાં અમરેલીની ધર્મપ્રેમીજનતાએલીધોહતો. તેમજ બ્લડ ડોનેશન કેમ્પ અને બ્રાહ્મણ બાળકોને યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. વિશાળ મહિલા મંચથીભારતીયનારીશક્તિનાંદર્શનપણ થયા હતા. કથા પ્રસંગે પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીઉપસ્થિતરહીસંતોભક્તોને આશિર્વાદપાઠવ્યાહતા. તેમજ રાજકીય મહાનુભાવો શ્રી કૌશિકભાઇ વેકરીયા, શ્રી ભરતભાઇ ચૌહાણ, શ્રી અશોક કોઠીયા, શ્રી વસંત મોવલીયા સહિતનાં મહાનુભાવોએ મહોત્સવમાં સત્સંગી જીવન કથાનો લ્હાવો લીધો હતો સાથે પુજ્યસંતોનાઆશિર્વાદપ્રાપ્તકર્યાહતા.

શ્રી ઘનશ્યામ યુવક મંડળ અમરેલીના બાળકો દ્વારા રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

## ગઢીયામાં શ્રી દાનબાપુની જગ્યામાં ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ યોજાશે

**સંતો-મંહતોના સાનિધ્યમા નૈતિક વ્યાસ અને કલાકારો સંતવાણીની રમઝટ બોલાવશે**

ચલાલા, (પ્રકાશ કારીયા) ચલાલાનીખ્યાતનામપુજ્યદાનમહારાજની જગ્યાના મહંતમહારાજપુજ્યશ્રીવલકુબાપુ નાઆશીર્વાદથીગઢીયાગીરમાનવીઆકાર પામી રહેલ દાનમહારાજ ની પવિત્ર દેહાણ જગ્યામાતા,૨૮,૧૨,૨૦૨૪શનીવારરાત્રી ના કલાકે ભવ્ય સંતવાણી નુ આયોજન કરવામા આવેલ છે..તો ગઢીયા ગીર દાનમહારાજ જગ્યા ના મહંત પુજ્ય શ્રી હર્ષદબાપુ ભગતે આ પંથક ના તમામ ભાવીકભકત જનો અને સમુહ સેવક ગણ ને સંતવાણી નો ભવ્ય લાભ લેવા લાગણીસભર



જાહેર નિંમત્રણ પાઠવેલ છે.ગઢીયા ગીર મા પુજ્ય વલકુબાપુ ના આશીર્વાદ થી અંશાઅવતાર પુજ્ય ની જગ્યા નવી આકાર લઈ રહીછે...ત્યા જગ્યા ના મહંત શ્રી હર્ષદબાપુ ભગતના સાનિધ્યમા ધર્મની ધજા ફરકી રહી છે..બંન્ને ટાઈમ હરીહર ના હાદ પડી રહ્યા છે..ગૌમાતા ની અકલ્પિય સેવાઓ થઈ રહીછે..મુંગા પશુપંખીઓ ને ચણ નખાઇ રહીછે..બંન્ને ટાઈમ જાલરુવાગી રહી છે..સનાતન ધર્મ નો જયઘોષ થઈ રહ્યો છે.. બધા ની સાથે હાવજ ની ડકણ સંભળાય રહીછે..આવી વન પાકુતીક ગીર ગઢીયા ગામ મા પુજ્ય દાનમહારાજ સહીત ના દેવો ના બેસણા છે..તેને વંદન કરવા એકવાર ચોક્કસ જવા જેવુછે..તેમ પ્રકાશ કારીયા એ જણાવેલ છે.


### હાર્દિક અભિનંદન



જુનેદ ડોડીયા
ઉપપ્રમુખ અ.જિ. યુથ કોંગ્રેસ

અમારા પરમ સ્નેહી મિત્રો જુનેદ ડી.ડોડીયા ને અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ તેમજ હર્ષ આર.તેરૈયાને વડીયા શહેર પ્રમુખ બનવા બદલ ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ.



હર્ષ આર.તેરૈયા
પ્રમુખ વડીયા શહેર યુથ કોંગ્રેસ

-:: શુભેચ્છક ::-

ધર્મેન્દ્ર પાનસુરીયા - સત્યમ મકાણી - રજની તેરૈયા
વિશાલ જોષી - અકિલ પઠાણ - દિલીપભાઇ શિંગાળા
યુવરાજભાઇ ડાંગર - ભૌમિક પાંધી
તથા ગાંધીચોક યુવા મંડળ - વડીયા


## પચપચીયા ગામે ૧૦ વર્ષનાં બાળકને દિપડાએ ફાડી ખાતા ધારાસભ્યશ્રી હિરાભાઇ દોડી ગયાં

**વન વિભાગની મુલાકાત લઇ જરૂરી સુચનાઓ આપી**



રાજુલા, (કનુભાઈ વરૂ)ખાંભા મુકામે ગઈકાલે ૧૦વર્ષનાબાળકનેદીપડાએફાડી ખાજો હતો જેમાં તેનું મોત થવા પામ્યું હતું આ વિસ્તારમાં જંગલી જાનવરોની રંજાળ દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે આવા બનાવો અનેક વખત બનતા રહે છે. વન વિભાગના અધિકારીઓ અને સાથે રાખી ધારાસભ્યહીરાભાઈ સોલંકીવખતેરૂબરૂ સ્થળ મુલાકાત કરી હતી પરિવારજનોને સાંત્વનાઆપીહતીઅનેઆખીઘટનાવિશે વનવિભાગનેસાથેરાખીજરૂરીસહાયમાટે રજૂઆત કરીહતી. આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે મારા મતક્ષેત્ર ખાંભાના પચપચિયા મુકામે ૧૦ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાતા મૃત્યુ થયુંહતું.આજરોજસ્થળપરપરિવારજનોને મળીને સાંત્વના આપી હતી.તેમજ વન કર્મચારીઓને સાથે રાખી જરૂરી કાર્યવાહી માટે સૂચનાઓ આપી હતી. આ તકે મારી સાથે આગેવાનો ભાવેશભાઈ જાદવ,મુકેશભાઈ માંગરોલિયા, હમીરભાઈ ભરવાડ, રમેશભાઈ જાદવ,રસિકભાઈ ભંડેરી,ભાર્ગવ ભાઈ પંડ્યા,વિઠ્ઠલભાઈ રાઠોડ સહિતના ઉપસ્થિત રહ્યા હતા





















### પ્રકૃતિ એજયુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત



## શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર

ડો.પ્રતાપભાઇ પંડયા ભવન, મહિલા સોસાયટી, ચિતલ રોડ, અમરેલી

જરૂરિયાતમંદ વ્યકિતઓને બંને ટાઈમનું ભોજન ઘરે પહોચાડતી અમરેલીની સેવાકીય સંસ્થા

**કિસીકી મુસ્કુરાહટો પે હો નિશાર કિસીકા દર્દ મીલ સકે તો લે ઉઠા કિસીકે વાસ્તે તેરે દિલ મેં હો પ્યાર જીના ઉસીકા નામ**

વૃધ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય તેવા વડીલોને બપોરે ૧૪૦ અને સાંજે ૧૨૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

દાનનું આપણી સંસ્કૃતિમાં ખુબ જ મહત્વ છે. દાન હંમેશા નિઃસ્વાર્થ ભાવે હોય છે અને એટલે જ ઇશ્વર નોંધ રાખે છે.

અન્નદાન એ શ્રેષ્ઠ દાન છે. આપણી થાળીનો એક કોળીયો બીજાને ખવરાવી તેના ચહેરાનું સ્મિત આપણે નીરખીયે.

ઇશ્વરે આપણને જે કાંઇ આપ્યુ છે તેના આભાર સાથે બીજાને આપીએ અને જ્યાં પણ આપીએ ત્યાં આપણને હૈયાધારણ હોવી જોઇએ.

''ટુકડા મેં સે ટુકડો દેના મેરે ભાઇ'' ''ટુકડો ત્યાં હરી ઢુકડો'' મકરસંક્રાતિમાં પીળી વસ્તુનું દાન શ્રેષ્ઠ ગણાય.

**આ સેવામાં આપ પણ સહયોગીઓ બનો તેવી વિનંતી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર ખાતે ભોજનમાં જરૂરી ચીજવસ્તુઓની વપરાશની યાદી**

| વસ્તુની યાદી | એક દિવસનો વપરાશ | એક માસનો વપરાશ | એક વર્ષનો વપરાશ | વજન કટ્ટા | વસ્તુની યાદી | એક દિવસનો વપરાશ | એક માસનો વપરાશ | એક વર્ષનો વપરાશ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઘઉ | ૧૫ કિલો | ૪૫૦ કિ. | ૫૪૦૦ કિ. | ૧૮૦ કટ્ટા | શુધ્ધ ઘી | ૧ કિ. | ૩૦ કિ. | ૩૬૦ કિ. |
| તેલ | ૬ કિ. | ૧૮૦ કિ. | ૨૧૬૦ કિ. | ૧૪૪ ડબ્બા | રાઇ | ૨૫૦ ગ્રામ | ૭.૫ કિ. | ૯૦ કિ. |
| તુવેરદાળ | ૨.૫ કિ. | ૪૦ કિ. | ૪૮૦ કિ. | ૧૬ કટ્ટા | મેથી | ૫૦ ગ્રામ | ૧.૫ કિ. | ૨૦ કિ. |
| ચોખા ભાત | ૩.૫ કિ. | ૧૦૫ કિ. | ૧૨૬૦ કિ. | ૪૨ કટ્ટા | જીરૂ | ૨૦૦ ગ્રામ | ૬ કિ. | ૭૨ કિ. |
| ચોખા ખીચડી | ૩ કિ. | ૯૦ કિ. | ૧૦૮૦ કિ. | ૩૬ કટ્ટા | મરચુ | ૫૦૦ ગ્રામ | ૧૫ કિ. | ૧૮૦ કિ. |
| મગદાળ | ૧ કિ. | ૩૦ કિ. | ૩૬૦ કિ. | ૧૨ કટ્ટા | હળદર | ૨૦૦ ગ્રામ | ૬ કિ. | ૭૨ કિ. |
| મગ | ૩ કિ. | ૨૪ કિ. | ૨૮૮ કિ. | ૩ કટ્ટા | ધાણાજીરૂ | ૩૦૦ ગ્રામ | ૯ કિ. | ૧૧૦ કિ. |
| ચણા | ૪ કિ. | ૮ કિ. | ૯૬ કિ. | ૩ કટ્ટા | ગરમ મસાલો | ૫૦ ગ્રામ | ૨ કિ. | ૨૪ કિ. |
| કઠોળ | ૪ કિ. | ૮ કિ. | ૯૬ કિ. | ૩ કટ્ટા | ગોળ | ૧ કિ. | ૩૦ કિ. | ૩૬ કિ. |
| ચણાનો લોટ | ૪ કિ. | ૧૬ કિ. | ૧૯૨ કિ. | ૬ કટ્ટા | હિંગ | ૫૦ ગ્રામ | ૨ કિ. | ૨૪ કિ. |
| નમક | ૧ કિ. | ૩૦ કિ. | ૩૬૦ કિ. | | | | | |

આર્થિક સધ્ધરતા હોવી તે ઇશ્વરીય આશિર્વાદ છે પણ સમાજ માટે હદયમાં ઉપયોગી થવાની ભાવના ઇશ્વરીય પુજા છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદેશ્ય જરૂરીયાતમંદોને ભોજન પુરૂ પાડવુ, શિયાળામાં ગરમ કપડા આપવા, દિવાળીમાં મીઠાઇ, ફરસાણની સેવા કરવી, જરૂર જણાય ત્યાં મેડીકલ સેવા આપવી, દર વર્ષે વડીલોને યાત્રા કરાવવી વગેરે વડીલોને હુંફ આપવાનો નમ્ર પ્રયાસ કરીએ છીએ.

આ ઇશ્વરીય કાર્ય ઇશ્વર કરાવે છે. નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતા ઇશ્વરીય બળ મળ્યું અને આપ જેવા સેવાયજ્ઞીઓએ પ્રેરક બદળ પુરૂ પાડયું.

''દાન તમારૂ કર્તવ્ય અમારૂ''

નોંધ :- (૧) આ સંસ્થામાં રોકડ રકમ તથા વસ્તુ સ્વરૂપે દાન સ્વીકારવામાં આવે છે.

(૨) માસિક હુંડી દ્વારા દર માસે નિશ્ચિત રકમ સંસ્થાને આપી શકો છો આ માટે સંસ્થાના સેવાભાવી વ્યક્તિ આપના ઘર, ઓફીસ કે દુકાનેથી લઇ જશે.

(૩) આ માનવતાવાદી સેવાયજ્ઞમાં આપશ્રીનાં જન્મદિન, લગ્નતિથી, સ્નેહીજનોની પુણ્યતિથી નિમિતે તમે તમારા ભાણામાંથી ભાગ કાઢી વડીલ વંદના હદયથી કરીએ.

(૪) આજીવન કાયમી તિથી નિમિતે ટીફીનમાં મીઠાઇ પધરાવવા માટે ચોક્કસ રકમ આપી શકાય.

**આ સંસ્થામાં વડીલ વંદનામા આપે આપેલુ દાન કલમ ૮૦ જી મુજબ કરમુક્ત છે**

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર
ગુરૂકૃપાનગર, શેરી નં.-૧
મો.૯૪૦૮૯ ૪૭૪૩૪

જય ખોડીયાર મોબાઇલ
રાજકમલ ચોક
મો.૯૯૧૩૯ ૯૯૯૧૯

ભાટીયા પરમાણંદ ચાંપશી
હસુભાઇ સંપટ જૈન દેરાસર પાસે
જુની બજાર, ૦૨૭૯૨ - ૨૨૩૧૫૮

પેન્ટર ડી.જી.મહેતા
માસિક હુંડી માટે
મો.૯૪૨૭૨ ૫૨૯૧૧

**મકરસંક્રાંતિનાં પાવન પર્વ નિમિતે ભીખુભાઇ અગ્રાવતની દાતાઓને હાર્દિક શુભેચ્છા**

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૭-૧૨-૨૦૨૪ શુક્રવાર

# ભારતીય પ્રવાસીઓના દાણા ચણીને ઉડતા શીખેલું માલદીવ મોદીને ઠેબે કેમ ચડ્યું છે?

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની માલદીવનાં પ્રધાન માલશા શરીફે ટીકા કરી તેના કારણે મોટો વિવાદ થઈ ગયો છે. માલશાના રવાડે ચડીને બીજાં બે પ્રધાનો મરિયમ શિયુના અને અબ્દુલ્લા મહજુમ માજિદે પણ ભારત વિશે ખરાબ કોમેન્ટ્સ કરી. નરેન્દ્ર મોદી લક્ષદ્વીપ ગયેલા ને ત્યાં દરિયાકિનારે બેસીને પડાવેલા ફોટો પર માલશાએ કોમેન્ટ કરેલી. મોદી એક હિન્દુ ચહેરો છે ને એની ટીકા કરવાથી આંતરરાષ્ટ્રીય મુસ્લિમ સમુદાય રાજી થશે એવી ધારણા માલદીવની ત્રણેય પ્રધાન બાનુઓની હતી જે ઊંધી પડી ને એમની રાજકીય કારકિર્દી ખતમ થઈ ગઈ.

માલશા શરીફ, મરિયમ શિયુના અને અબ્દુલ્લા મહજુમ માજિદે ભારતીય ટુરિઝમ, લક્ષદ્વીપ વગેરે પર કોમેન્ટ્સ કરીન પોતાની હલકી માનસિકતા છતી કરી તેમાં ભારતીયોનો આક્રોશ ફાટી નીકળ્યો. સોશિયલ મીડિયા પર બોયકોટ માલદીવ હેશ ટેગ સાથે ભારતીયોએ માલદીવની ઢોકળી ધોઈ નાંખી. સેલિબ્રિટીઝથી માંડીને સામાન્ય લોકો સુધીનાં બધાં માલદીવ સામે આક્રોશ ઠાલવવામાં જોડાયાં તેમાં માલદીવના શાસકોની ફાટી ગઈ અને ઘાંઘા થઈને દોડતા થઈ ગયા.

સૌથી પહેલાં તો મોદી અને ભારત સામે હીન કોમેન્ટ કરનારા ત્રણ પ્રધાનો માલશા શરીફ, મરિયમ શિયુના અને અબ્દુલ્લા મહજુમ માજિદને ગડગડિયું પકડાવીને રવાના કરી દેવાયા. એ પછી માલદીવની સરકારે સત્તાવાર રીતે નિવેદન આપ્યું કે, તેમના ત્રણ પ્રધાનોએ આપેલાં નિવેદન જરાય સ્વીકૃત નથી અને આ નિવેદનો માલદીવ સરકારનું સત્તાવાર વલણ નથી. માલદીવના શાસકોએ ભારતની માફી પણ માગી અને પાડોશી દેશો સાથે સારા સંબંધોની દુહાઈ પણ આપી.

માલદીવનાં સાંસદો તથા બીજા નેતાઓએ પણ ભારત સામે કરાયેલાં નિવેદનોની ઝાટકણી કાઢી છે. ભારત સરકારે પણ માલદીવના હાઈ કમિશ્નરને બોલાવીને તતડાવ્યા છે. માલદીવ સરકાર સત્તાવાર રીતે પહેલાં જ કહી ચૂકી છે કે, તેનાં પ્રધાનોના નિવેદનો સાથે માલદીવ સરકારને કંઈ લેવાદેવા નથી. આ સંજોગોમાં માલદીવના હાઈ કમિશનરે શું કહ્યું હશે એ કહેવાની જરૂર નથી. માલદીવની ફાટી ગઈ તેનું કારણ એ છે કે, ટુરિઝમ આધારિત માલદીવની ઈકોનોમી સંપૂર્ણપણે ભારતીયો પર નિર્ભર છે. માલદીવ આવતા વિદેશી પ્રવાસીઓમાંથી ૧૦ ટકાથી વધારે પ્રવાસી એકલા ભારતથી આવે છે. ૨૦૨૩માં ૨.૧૦ લાખ જ્યારે ૨૦૨૨માં ૨.૪૦ લાખ ભારતીયો માલદીવ ફરવા ગયેલા. માલદીવના બહિષ્કારની ઝુંબેશ જોર પકડે તો માલદીવના ટુરિઝમની વાટ લાગી જાય.

માલદીવના ટાપુઓ પર કરોડો રૂપિયાનું રોકાણ કરીને બનાવાયેલા લક્ઝુરીયસ બીચ રીસોર્ટ્સને તાળાં મારવાં પડે ને ટુરિઝમમાં રોકાણ કરનારા વિદેશી રોકાણકારો ભાગી જાય. હજારો લોકો બેરોજગાર થાય એ લટકામાં. ટુરિઝમ ઈન્ડસ્ટ્રીની સાથે સાથે વેપારીઓ પણ માલદીવનો બહિષ્કાર કરવાના મૂડમાં છે એ જોતાં માલદીવના અર્થતંત્રને મોટો ફટકો પડી જાય તેથી માલદીવના શાસકો રઘવાયા થઈ ગયા છે.

ભારતમાં આ પ્રકારના દેશપ્રેમના ઉભરા છાસવારે આવે છે ને પછી બધું ઠંડુ પડી જતું હોય છે. ભૂતકાળમાં ચીનના માલના બહિષ્કારના મુદ્દે પણ આવા ઉભરા આવેલા છે એ જોતાં ખરેખર લોકો માલદીવ ફરવા જવાનું બંધ કરશે કે કેમ તેમાં શંકા છે પણ આ મુદ્દો બહુ નાનો છે. મોટો મુદ્દો માલદીવના વલણનો છે અને આ ત્રણ પ્રધાનોનાં નિવેદનોએ સાબિત કર્યું છે કે, માલદીવ્સમાં ભારત વિરોધી માહોલ બનાવવામાં ચીનને સફળતા મળી છે. આમ તો હિંદ મહાસાગરમાં આવેલા ટચૂકડા ટાપુઓના બનેલા માલદીવની પ્રમુખપદની ચૂંટણીમાં મોહમ્મદ મૂઈઝ્ઝુ જીત્યા ત્યારે જ આ વાત સ્પષ્ટ થઈ ગયેલી.

ભારત માટે મૂઈજ્જુની જીત આંચકાજનક હતી કેમ કે પીપલ્સ નેશનલ કોંગ્રેસના મોહમ્મદ મૂઈજ્જુ હળાહળ ભારત વિરોધી અને ચીનના પીઠ્ઠુ છે. માલદીવના વર્તમાન તત્કાલિન પ્રમુખ ઈબ્રાહીમ મોહમ્મદ સોલિહ ભારત તરફી હોવાથી ભારત મોહમ્મદ સાલિહ ફરી જીતે એવું ઈચ્છતો હતો પણ લોકોએ મોહમ્મદ મૂઈજ્જુને જીતાડીને તેમના ભારત વિરોધી એજન્ડાને સમર્થન આપેલું. મૂઈજ્જુએ પ્રમુખપદની ચૂંટણીમાં ઈંડિયા આઉટનો નારો આપેલો.

તેમનું કહેવું હતું કે, સોલિહના શાસનમાં માલદીવ્સમાં ભારતની દખલગીરી બહુ વધી ગઈ છે. માલદીવને બચાવવા માટે ભારતને માલદીવને કાઢવું પડે ને ભારતને કાઢવા માટે સોલિહને હટાવવા પડે. માલદીવનાં લોકોને આ વાત અસર કરી ગઈ ને મૂઈજ્જુ જીતી ગયા તેના પરથી સ્પષ્ટ હતું કે, માલદીવ્સમાં ભારત વિરોધી લાગણી પ્રબળ બની રહી છે. એ સ્વાભાવિક પણ છે કેમ કે સવા પાંચ લાખની વસતી ધરાવતા માલદીવ્સમાં ૯૮ ટકા લોકો સુન્ની મુસલમાન છે. મુસલમાનોને ભારતક વિરોધી બનાવવાનો એજન્ડા માલદીવ્સમાં પણ કામ કરી રહ્યો છે.

ચીન માલદીવ્સમાં ભારત વિરોધી માહોલ બનાવીને ઘૂસવા માટે દાયકાઓથી મથતું હતું ને તેમાં સફળ થઈ રહ્યું છે તેનો મૂઈજ્જુની જીત પુરાવો હતો. હવે માલદીવના પ્રધાનોનાં નિવેદનો આ વાત પર મંજૂરીની મહોર મારે છે. માલદીવ જે કંઈ કરી રહ્યુ છે એ ઉપકારનો બદલો અપકાર પર છે કેમ કે માલદીવ્સમાં જ્યારે પણ કટોકટી આવી ત્યારે ભારત તેના પડખે ઊભું રહ્યું છે. માલદીવમાં ૧૯૭૮થી અબ્દુલ ગયુમનું શાસન હતું. ગયુમ રાષ્ટ્રપતિપદે ત્રણ દાયકા રહ્યા. ગયુમના શાસન વખતે માલદીવને ભારતે છૂટા હાથે મદદ કરેલી. ગયુમે ૨૦૦૮માં લોકો સીધી ચૂંટણી કરે તેવી પદ્ધતિ અપનાવી તેમાં હારી ગયા પછી મોહમેદ નાસિર પ્રમુખ બનેલા. નાસિર ભારત તરફી હતા તેથી ચીનને મોકો ના મળ્યો પણ એ પછીની ચૂંટણીમાં યામીન જીત્યા એટલે ચીનને ઘૂસણખોરી કરવાની તક મળી ગઈ.

ભારત માટે માલદીવ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનું છે. હિંદ મહાસાગરમાં આવેલા માલદીવનું ભૌગોલિક સ્થાન ભારત માટે મહત્ત્વનું છે. ભારતની દક્ષિણમાં શ્રીલંકાની ડાબી તરફ માલદીવના ટાપુ દેખાશે. દુનિયાના નકશા પર ટચૂકડા ટપકા જેવા માલદીવના ટાપુ હિંદ મહાસાગરમાં કોનું વર્ચસ્વ રહેશે એ નક્કી કરે છે. ચીનનો માલદીવમાં પગપેસારો વધે તો ચીન ભારતને ત્રણ તરફથી ઘેરી શકે. ચીન ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) દ્વારા પાકિસ્તાનના ગ્વાદર બંદર સુધી આવી ગયું છે. માલદીવ પર ચીનનો કબજો હોય તો ભવિષ્યમાં ચીન ભારત પર જમીન, દરિયાઈ અને હવાઈ એમ ત્રણેય માર્ગે આક્રમણ કરી શકે. માલદીવ્સમાં ચીનના વર્ચસ્વનો ઉપયોગ કરીને પાકિસ્તાન પણ ભારતમાં આતંકીઓ ઘૂસાડી શકે, પાકિસ્તાન કાશ્મીર ને પંજાબ સરહદેથી આતંકવાદીને ભારતમાં ઘૂસાડે જ છે. માલદીવથી પાકિસ્તાન આતંકીઓ ઘૂસાડવા માડે તો ભારત માટે નવો ખતરો ઊભો થાય. ભારત માટે અત્યારે દરિયાઈ સરહદ સુરક્ષિત છે પણ માલદીવમાં ચીનનું વર્ચસ્વ દરિયાઈ મોરચે પણ ભારત માટે ખતરો ઊભો કરે.

## અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના બે બનાવો

# લીલીયામાં ઝેરી ટીકડા પી જતા યુવાનનું સેંજળમાં પાણીમાં ડુબી જતા પ્રૌઢનું મોત

### મોતના બનાવો અંગે લીલીયા અને સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં અલગ અલગ જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. જેમાં લીલીયામાં ઝેરી ટીકડા પી જતા યુવાનનું, સેંજળમાં પાણીમાં ડુબી જતા પ્રૌઢનું મોત નિપજયાનું પોલિસમાં જાહેર કરાયું છે. લીલીયા ઉમીયા મંદિર પાછળ રહેતા રવિ અશોકભાઈ વાળા, ઉ.વ.૨૯ કોઈ અગમ્ય કારણોસર ઝેરી ટીકડા ખાઈ જતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું અશોકભાઈ દુદાભાઈ વાળાએ લીલીયા પોલિસ મથકમાં જાહેર કરાયું છે. બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામે જયસુખભાઈ ગણેશભાઈ વાઘેલા ઉ.વ.૪૦ તેના જુના રહેણાંક ઝુંપડા નજીક ધ્યાનસ્વામિ સરોવરમાં ન્હાવા પડતા ઉંડા પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું ગણેશભાઈ ભારમલભાઈ વાઘેલાએ વંડા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી જીલ્લામાં ડ્રંકસ એન્ડ ડ્રાઈવ દરમિયાન ૧૧ વાહનચાલકો સહિત ૩૬ નસેડીઓ ઝડપાયા

### જીલ્લામાં પોલિસે દેશી દારૂના ૧૫ દરોડા પાડી ૪ મહિલા સહિત ૧૩ શખ્સોને ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં થર્ટી ફસ્ટ પહેલા પોલિસ અધિક્ષક સંજય ખેરાતની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલિસે જીલ્લામાં નાકાબંધી કરી ડ્રંકસ એન્ડ ડ્રાઈવ દરમ્યાન જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૧ વાહન ચાલકો સહિત ૩૬ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લીલીયા, જાફરાબાદ, નાગેશ્રી, ખાંભા, વંડા, રાજુલા, સાવરકુંડલા, બાબરા, ડુંગર, લાઠી, ધારી, દામનગર, અમરેલીસીટી, જાફરાબાદ મરીન, અમરેલી રૂરુલ પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જીલ્લામાં જુદા જુદા ૧૫ સ્થળોએ પોલિસે દેશી દારૂના દરોડાઓ પાડીને ૪ મહિલાઓ સહિત ૧૩ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં મરીન પીપાવાવ, ડુંગર, વડિયા, ખાંભા, વંડા, રાજુલા, સાવરકુંડલા, બાબરા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## માતાએ કપડા ધોવાનું કહેતા રકજક થતા

# ચલાલામાં યુવતિએ એસીડ પીધું

### ચલાલા બાદ વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ચલાલામાં રહેતી રિધ્ધીબેન અજીતભાઈ સોલંકી ઉ.વ.૨૧ ને તેના મમ્મીને મજા ન હોવાથી તેના મમ્મીએ તેમને કપડા ધોવાનું કહેતા મા અને દિકરી વચ્ચે રકજક થતા બાથરૂમમાંથી એસીડ પી જતા પ્રથમ ચલાલા અને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# વડિયાના બાંટવા દેવળીમાં સગીરાને ભગાડી ગયો

### તોરી ગામનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વડિયાના બાંટવા દેવળી ગામે રહેતી સગીરાને તોરી ગામના કિશન મંગાભાઈ રાઠોડ નામનો શખ્સ સગીર હોવાનું જાણવા છતા લલચાવી ફોસલાવી બદઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયાની સગીરાના પિતાએ વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોટા માંડવડામાં અતિવૃષ્ટિ, વાવાઝોડા સહાયમાં અન્યાય

### વિપુલભાઇ ટીંબડીયાએ કલેક્ટરને રજુઆત કરી

અમરેલી, મોટા માંડવડા ગામે રહેતાં વિપુલભાઈ નનુભાઈ ટીંબડીયાએ કલેકટરને લેખિત રજુઆત કરી છે કે, રખતા ઢોર, અતિવૃષ્ટિ સહાય, વાવાઝોડા જેવી બાબતોમાં અવાર નવાર એનકેન પ્રકારે ઉઘરાણા કરી જુન, જુલાઈ, ઓગ્સ્ટમાં પડેલા ભારે વરસાદના અહેવાલ કે રિપોર્ટ ન કરી તંત્રએ ખેડૂતોને અન્યાય કર્યો છે. રેશનીંગ કેવાયસી તથા પીએમ કિસાન લાભાર્થીના રજીસ્ટરમાં રકમ વસુલ્યાનું જણાવ્યું છે. સતત તંત્ર દ્વારા કોઈ કામગીરી થઈ નથી. આ માટે જવાબદાર કોણ ? મોટા માંડવડા ગામે સરકારી ગ્રાન્ટ મંજુર થયે તેને તંત્ર દ્વારા યોગ્ય નિયમ મુજબ વપરાય અને કામગીરી થાય તે બાબતે પણ રજુઆત કર્યાનું વિપુલભાઈ ટીંબડીયાએ કલેકટરને રજુઆતમાં જણાવ્યું છે.

# સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલામાં રહેતા હંસાબેન હસમુખભાઈ પરમારનો વીવો કંપનીનો મોબાઈલ દવાખાના બહાર ઓટા પર રાખેલ રૂા.૯૦૦૦ની કિંમતનો કોઈ ચોરી કરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના નાળ ગામેથી પરીણીતા ગુમ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના નાળ ગામેથી પરીણીતા પોતાના પિયર મોરબા-વિરડી તા. ગારીયાધાર જવાનું કહીને બંને દિકરીઓને સાથે લઈ જઈ ગુમ થયાનું દિયર રાજુભાઈ વિઠલભાઈ ખંઢેલાએ વંડા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# જેતપુરમાં પરીણીતાને ત્રાસ અપાયો

### શંકા કરી ત્રાસ આપી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલીની જેતપુર પરણાવેલ સલમાબે શબીરભાઈ ચૌહાણ ઉ.વ.૩૫ ને તા.૨૨-૧૧-૦૮ થી તા.૧૧-૧૧-૨૪ દરમ્યાન શબીર હારૂનભાઈ, હારૂન ઈસાભાઈ, ખતીજાબેન હારૂભાઈ, સમીર હારૂનભાઈ ચૌહાણે ઘરકામ અંગે મેણા મારી શારીરીક અને માનસિક ત્રાસ આપી પતિએ શંકા કરી ઢીકાપાટું વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી મહિલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારી વકીલ મંડળમાં ખજાનચી તરીકે એડવોકેટ શ્રી સિધ્ધાર્થ ભગત બીનહરીફ

### વકીલ મિત્રોના સ્નેહ અને અપાર લાગણીથી ખજાનચી તરીકે બિનહરીફ થયેલા શ્રી ભગત પર અંભિનંદનની સતત વર્ષા



ચલાલા, (પ્રકાશ કારીયા) અમરેલી જીલ્લા કાઠી-ક્ષત્રીય સમાજ ના સંગઠન મંત્રી, યુવા ઉત્સાહી સરળ સ્વભાવ ના વરિષ્ઠ યુવા એડવોકેટ શ્રી સીધ્ધાઁથભાઈ બાવકુભાઈ ભગત હમણાજ તાજેતર મા થયેલ વકીલ મંડળ ની ચુંટણી મા વકીલ મિત્રો ના સ્નેહ પ્રેમ અને અપાર લાગણી થી બીનહરીફ ખજાનચી તરીકે પસંદગી પામતા સગા સ્નેહીઓ, વકીલ પરીવાર, રાજકીય સામાજીક આગેવાનો સહિત મિત્ર વર્તુળ મા આંનદ ની લાગણી છવાઈ ગઈ છે.. આ તકે પુજય દાનમહારાજ ની જગ્યા ના લઘુમંહત પુજ્ય શ્રી મહાવીર બાપુ એ રૂડા આશીર્વાદ પાઠવયા હતા.. તેમજ વકીલ મંડળ ના પ્રમુખ વનરાજભાઈ વાળા, પુર્વ સદસ્ય શ્રી ચાંપરાજ ભાઈ ધાધલ, વરિષ્ઠ આગેવાન શ્રી પ્રકાશભાઈ કારીયા, સહીત સીનિયર અને જુનીયર મિત્રો એ અંભિનંદન સહ શુભકામનાઓ પાઠવી આંનદ ની લાગણી વ્યક્ત કરી હતી.

# રાજુલામાં ઠંડીથી બચવા માટે ખાનગી ઓફિસમાં ત્રણ બિલાડીઓએ સહારો લીધો



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા માં છેલ્લા ત્રણ દિવસથી ભયંકર ઠંડી પડવા મંડી છે ત્યારે પશુ પક્ષીઓ પણ પોતાના માળામાં બપોર સુધી બેસી અને ઠંડી ધીમી પડે ત્યારે બહાર નીકળે છે ત્યારે બિલાડી પણ રાત્રિના આરામથી આરામ ખુરશી ગરમ કપડું પાથરેલ છે તેના ઉપર એક સાથે બે બચ્ચા અને એક બિલાડી ગરમી ન લાગે તે માટે બેસી અને ઘસઘટાટ ઊંઘતા જોવા મળે છે આમ ઠંડીએ હદ કરી છે પ્રાઈવેટ દુકાન ઓફિસ બપોર સુધી ઓફિસ સમય ૧૧:૦૦ વાગ્યા સુધી બેસીને આરામ કરતા જોવા મળે છે ઘરે હોય છે તેનો આમ બિલાડી પણ ખુરશીમાં બેસવાનો અને ગાદલી ઉપર બેસી આરામ ફરમાવી રહી છે.

# અમરેલીમાં સ્વ. વડાપ્રધાન અટલ બિહારી વાજપાઇને પુષ્પાંજલી અર્પણ

### કષ્ટભંજન હનુમાનદાદા ભકતજન મંડળ, વિશ્વહિન્દુ પરિષદ તથા અટલ વિલા વિધાવાંચન કેન્દ્રનું આયોજન



અમરેલી, અમરેલીમાં સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઈની જન્મજયંતિ નિમિતે શ્રી કષ્ટભંજન હનુમાનદાદા ભકતજન મંડળ તથા વિશ્વહિન્દુ પરિષદ તથા રામકૃપા બોયઝ હોસ્ટેલ દ્વારા શ્રી સંદિપભાઈ પટેલના નેતૃત્વમાં પુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈની જન્મજયંતિ નિમિતે ઉજવણી કરવામાં આવી હતી અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં. આ પ્રસંગે વિહીપના શ્રી પ્રતાપસિંહ રાઠોડ, શ્રી સંદિપભાઈ પટેલ, ડો. પંકજ ત્રિવેદી, સંજયભાઈ પંડયા, મહાદેવભાઈ ઠાકર, આશિષભાઈ ગત્રાણા, જયેશભાઈ ઉપાધ્યાય સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા નકુલ જયપાલ, સમીર સોલંકી, લાલજી ગુજરીયા, યશ પરમારે જહેમત ઉઠાવી હતી.

# ધારી અને ખાંભાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઇ

અમરેલી, અમરેલી જિલ્લાના ધારી અને ખાંભા ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને બાગાયતી પાકોમાં પાક પ્રાકૃતિક કૃષિનું મહત્વ આ વિષયો પર નિષ્ણાંતો દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધારી ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત તાલીમનો ખેડૂતોએ લાભ મેળવ્યો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના મહત્વના ઘટકરુપ જીવામૃત, ઘનજીવામૃત, અચ્છાદાન, મિશ્રપાક પદ્ધતિ વગેરે આયામો ઉપરાંત રોગ નિયંત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, આગ્નિસ્ત્રની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. આ તાલીમમાં ખાસ કરીને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. આ તાલીમમાં અમરેલી આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એમ. ઝેડ. જીડ, નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક શ્રી ગોસ્વામી અને બાગાયત વિભાગના શ્રી ચેતનભાઈ વસોયાએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

# પાળીયાદમાં હોર્સ સોસાયટી દ્વારા હોર્સ ફેસ્ટ યોજાશે



### કાર્યક્રમ અંગે મળેલી બેઠકમાં લેવાયેલો નિર્ણય



રાજુલા, (કનુભાઈ વરૂ) ૨૫ ડીસેમ્બર, બુધવારનાં રોજ પાળીયાદની પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં મહેસાણા હોર્સ સોસાયટી દ્વારા આયોજીત 'ધ હોર્સ ફેસ્ટ' નું સૌરાષ્ટ્ર હોર્સ બિડર્સને આમંત્રણ આપવા માટે તેમ જ આયોજિત થનારા કાર્યક્રમની રૂપરેખા માટેની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જગ્યાના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાના શુભાશિષ પ્રાપ્ત કરીને, જગ્યાના મુખ્ય વ્યવસ્થાપક પૂજ્ય શ્રી ભયલુબાપુની વિશેષ ઉપસ્થિતમાં મહેસાણા હોર્સ સોસાયટી ટીમનાં સદસ્યો સાથે મીટીંગ યોજાઈ હતી. આ બેઠકમાં શ્રી રાજુભાઈ ચૌધરી, દિનેશભાઈ ચૌધરી, વિષ્ણુભાઈ ચૌધરી, ડો. નીરજ પટેલ, ડો. નિકુંજ પટેલ, શ્રી રોનક શુક્લા, શ્રી કૃષ્ણકાંત શુક્લા, શ્રી પિયુષ ચૌધરી, શ્રી કૌશલ પટેલ, શ્રી મેહુલ પટેલ, શ્રી તુષારભાઈ દેસાઈ, શ્રી ચંદ્રેશભાઈ ચૌધરી, શ્રી કૃણાલ પટેલ, ઝુલ્ફીકાર અલી સાહેબ તેમ જ તેમ જ સૌરાષ્ટ્ર હોર્સ બિડર્સ તરફથી શ્રી ચાંપરજભાઈ ખાચર, શ્રી નાગેશભાઈ કુછડીયા (પોરબંદર) શ્રી રાજદીપભાઈ ગોહિલ (વરતેજ), ઉદયભાઈ સરપંચ, (સાલન), રણજીતસિંહ (મેરડું), વલકુભાઈ (બગડ) તેમ જ મોટી સંખ્યામાં અશ્વપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ બાદ સહુએ ઠાકરના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## ગ્રહોની ચાલ

### આજનું પંચાગ

રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૨૭.૧૨.૨૦૨૪, શુક્રવાર, સંવંત ૨૦૮૧, માગશર વદ બારસ, વિશાખ નક્ષત્ર, ધ્રુતિ યોગ, કૌલવ કરણ, આજે બપોરે ૧.૫૬ સુધી જન્મેલાંની તુલા (૨,ત) ત્યારબાદ વૃશ્ચિક (ન,ય) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : તબિયતની કાળજી લેવી, ખાવા-પીવા માં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કર્ક (ડ,હ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.
સિંહ (મ,ટ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.
તુલા (૨,ત) : તમારા સૌમ્ય વાણી વર્તન થી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.
વૃશ્ચિક (ન,ય) : નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.
ધન (ધ,ભ,ફ,ઢ) : કામકાજ માં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી. મધ્યમ દિવસ.
મકર (ખ,જ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.
કુંભ (ગ,સ,શ) : વેપારીવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.
મીન (દ,ચ,ઝ,થ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્ય માં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૭૦૦ થી ૧૪૬૫ મગફળી ૮૪૫ થી ૧૨૦૮

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૫૦-૧૦૮૯
શિંગમોટી-૮૪૫-૧૨૦૮
શીંગફાડા-૯૯૦-૧૧૦૦
તલસફેદ-૧૮૦૦-૨૬૭૨
તલકાળા-૩૦૦૦-૩૯૩૧
જુવાર-૪૫૪-૯૦૪
ઘઉંટુકડા-૫૫૦-૬૫૬
ઘઉંલોકવન-૫૧૬-૬૧૪
ચણા-૮૧૦-૧૨૮૩
કપાસ-૭૦૦-૧૪૬૫
ધાણા-૧૧૦૦-૧૪૫૦
સોયાબીન-૬૦૦-૮૩૦
અડદ-૮૦૦-૧૫૯૨
એરંડા-૧૦૯૫-૧૨૦૯
મરચાલાંબા-૪૧૦-૨૮૫૦
જીરૂ-૨૩૦૦-૪૪૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૪૨૦-૫૨૦
રીંગણા-૨૪૦-૫૦૦
કોબીઝ-૧૨૦-૨૪૦
ટમેટાં-૪૦૦-૫૫૦
સુરણ-૮૦૦-૧૦૦૦
ફોદીનો-૬૦૦-૮૦૦
ગાજર-૪૦૦-૬૦૦
ગલકા-૪૨૦-૬૪૦
કાકડી-૩૪૦-૬૨૦
ગુવાર-૮૦૦-૧૫૮૦
દુધી-૧૨૦-૨૪૦
તુરીયા-૧૦૦૦-૧૩૦૦
ભીડો-૫૦૦-૮૪૦
આદુ-૮૦૦-૮૫૦
કોથમીર-૧૦૦-૪૦૦
મેથીભાજી-૩૨૦-૫૨૦
ટીંડોરા-૪૪૦-૫૬૦
લીમડોમીઠો-૩૦૦-૩૩૦
મરચાલીલા-૩૦૦-૮૦૦
મુળા-૧૫૦-૩૨૦
લીંબુ-૫૮૦-૮૪૦
પાલક-૩૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૦-૬૬૦
સોયાબીન-૬૮૧-૭૮૧
ઘઉં-૪૭૨-૬૬૩
જુવાર-૭૭૧-૮૨૧
કપાસ-૧૩૫૦-૧૪૫૬
તલસફેદ-૨૩૮૦-૨૩૮૦
અડદ-૯૫૧-૨૦૦૦
મઠ-૧૦૦૧-૧૨૭૦
શીંગ-૭૦૦-૧૦૪૧
ચણા-૮૦૦-૧૨૫૨

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૩૮-૭૦૯
ડુંગળીલાલ-૧૫૦-૪૮૯
તલસફેદ-૧૮૦૧-૨૪૭૫
અડદ-૧૧૧૨-૧૬૫૦
સોયાબીન-૭૪૭-૭૮૮
જીરૂ-૪૯૦૧-૪૯૦૧
ડુંગળીસફેદ-૨૦૫-૪૨૨
તલકાળા-૪૬૦૧-૪૬૦૧
બાજરી-૪૧૪-૬૧૭
જુવાર-૭૨૦-૯૩૮
નાળીયેર-૮૫૫-૨૪૬૧

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૨૫-૧૪૯૨
ઘઉં-૫૧૨-૬૩૨
મગફળી-૧૦૮૪-૧૧૬૬
ચણા-
જીરૂ-૪૦૧૦-૪૩૬૦
અડદ-૧૧૪૫-૧૩૦૫
સોયાબીન-૭૮૮-૮૦૦
કપાસકોડી-૧૧૪૦-૧૩૭૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૨૫-૧૪૧૩
ધાણા-૧૦૧૦-૧૨૬૫
મગફળી-૮૦૦-૧૦૫૨
તલ-૧૮૦૦-૧૮૦૦
ઘઉં-૫૨૨-૫૯૫
સોયાબીન-૬૦૫-૭૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૫૧-૧૦૭૦
શીંગમોટી-૧૧૫૧-૧૧૭૧
અડદ-૧૦૦૦-૧૩૮૮
તલસફેદ-૨૦૦૦-૨૬૩૦
કપાસ-૧૩૨૨-૧૪૮૦
ઘઉંલોકવન-૫૩૫-૬૫૦
જીરૂ-૩૮૦૦-૪૩૬૦
ઘઉંટુકડા-૫૬૦-૬૬૦
ચણા-૧૦૨૦-૧૪૪૦
સોયાબીન-૬૫૦-૭૮૧
બાજરો-૪૩૦-૬૨૦

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૪૬૧
મગફળી-૮૮૧-૧૧૦૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૨૯૧-૧૩૬૨

**બગસરા માર્કેટયાર્ડ**
જીરૂ-૪૨૦૦-૪૨૦૦
કપાસ-૧૨૫૦-૧૪૮૯
અડદ-૧૨૦૦-૧૨૦૦
મગફળી-૫૦૦-૯૪૦
મેથી-૯૦૦-૯૦૦
સોયાબીન-૫૦૦-૭૯૦
ઘઉં-૫૫૦-૬૨૨
ચણા-૧૦૧૦-૧૩૦૧

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૩૦૦
દાડમ-૫૦૦-૨૦૦૦
મુસંબી-૬૦૦-૧૨૦૦
સંતરા-૪૦૦-૬૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૦૦૦-૨૦૦૦
અનાનસ-૮૦૦-૧૧૦૦
જામફળ-૬૦૦-૮૦૦
કેળા-૪૦૦-૫૨૦
પોપૈયા-૪૦૦-૬૦૦
બોર-૫૦૦-૮૦૦
સફરજન કાશ્મીર-૧૪૦૦-૨૦૦૦


### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૮
ન્યુનતમ તાપમાન -૧૩.૬
ભેજનું પ્રમાણ -૭૮
પવનની ગતિ સરેરાશ -૩.૨

### પરજીયા પટ્ટણી સોની સમાજ, મહિલા મંડળ અને યુવક મંડળ દ્વારા

# સુરતમાં પરજીયા સોની સમાજ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાશે

## સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન : ૨૦મીએ સમુહલગ્નોત્સવ માટે નામ નોંધણી શરૂ કરાઇ : તડામાર તૈયારીઓ



અમરેલી,

પરજીયા પટ્ટણી સોની સમાજ મહિલા મંડળ તથા યુવક મંડળ સુરત દ્વારા સુરતમાં પરંપરા અનુસાર માતાજીનાં હવન સાથે આઠમો સમુહલગ્નોત્સવ યોજાનાર છે. ગત તા.૨૮ જુલાઈ ૨૦૨૪નાં વિદ્યાર્થી સન્માન સમારોહ દરિયમાન કરવામાં આવેલી જાહેરાત અનુસાર સુરતમાં તા.૧૯ એપ્રિલ ૨૦૨૫નાં રોજ માતાજીનો હવન અને દાંડીયારાસ તથા તા.૨૦ એપ્રિલ ૨૦૨૫ રવિવારે મંડપ મુહુર્ત અને સમુહલગ્નોત્સવ યોજાશે. આ સમુહલગ્નોત્સવમાં માત્ર પરજીયા પટ્ટણી સોની જ્ઞાતીનાં દિકરા દિકરીઓ ભાગ લઈ શકે છે. અન્ય જ્ઞાતીનાં પાત્રો ભાગ લઈ શકશે નહીં. સમુહલગ્નમાં જોડાવા માટે પરજીયા પટ્ટી સોની સમાજ સુરતનાં ઓફિશ્યલ ૯૮૨૪૭૧૧૯૨૨ નંબર પર સંપર્ક કરીને ફોર્મ મંગાવી સંપુર્ણ ફોર્મ ભરી સચોટ વિગતો સાથે મો.નં.૦૯૮૨૪૭૧૧૯૨૨ ને મોકલવું. ફોર્મ મોકલવાની છેલ્લી તા.૧૯ માર્ચ ૨૦૨૫ છે. આ સમુહલગ્નોત્સવમાં જ્ઞાતીના વધુમાં વધુ સભ્યો જોડાઈ શકે તે માટે પરિવારજનો, સમાજનાં લોકો સુધી સંદેશો પહોંચાડવા સહયોગ આપવા પરજીયા પટ્ટી સોની સમાજ મહિલા મંડળ અને યુવક મંડળ દ્વારા સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

### મુંબઇમાં યોજાયેલ ટેક ફેસ્ટ ૨૦૨૪માં

# અમરેલીનાં બાળકોએ એક્સપોઝર મુલાકાત લીધી

## વિકસીત ભારતનાં સંકલ્પને સાકાર કરવા આયોજન



અમરેલી, મુંબઈ ખાતે યોજાયેલ ટેકફેસ્ટ-૨૦૨૪માં અમરેલી શિક્ષણસમિતિમાંથી પાંચ બાળવૈજ્ઞાનિકો અને પાંચ ગુરુજનો તથા DIET પ્રાચાર્યશ્રી ચાંપનેરી, DY. DPEOશ્રી સોલંકી AIFના સ્ટાફ સાથે એક્સપોઝર મુલાકાત કરી તે અન્વયે તા.૨૪-૧૨-૨૪ના વિશેષ દીને જિ.શિ. સમિતિ-અમરેલીના ઉપક્રમે વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને આગળ વધારવા ભાગ લેનાર સૌ બાળકો ગુરુજનો સાથે સ્મૃતિ-સંભારણા સહ પરામર્શ સાથે વર્લ્ડમાં ભારતમાતાનું નામ રોશન કરવા માટે ગરવી ગુજરાતના અમરવેલીના બાળકો મુઠ્ઠી ઉછેરો માનવી બને તે માટે પ્રમાણપત્રો, ફીડબેક કાર્યક્રમમાં જિ.શિ.સમિતિ-ચેરપર્સન શ્રીમતી રમીલાબેન બી. ધોરાજીયા તથા ભુ.પૂર્વ તા.પં.પ્રમુખ-લીલીયા અને લીલીયા માર્કેટયાર્ડ ઉપપ્રમુખ-વ-નરેન્દ્ર મોદી મંચ પ્રમુખ-અમરેલી શ્રી ભીખુભાઈ એમ.ધોરાજીયા તથા DPEOશ્રી કે.વી.મીયાણી તથા Dy.DPEOશ્રી જી. એમ.સોલંકી તથા DIET પ્રાચાર્યશ્રી ચાંપાનેરી તથા એકાઉન્ટ ઓફિસરશ્રી એન.વી.ચૌહાણ માન્ય શિક્ષક સંઘના હોદ્દેદારોશ્રી તથા પધારેલા મહેમાનો, ગુરુજનો, બાળવૈજ્ઞાનિકોની હાજરીમાં સુંદર કાર્યક્રમ સંપન્ન થયો.

### હલેન્ડાવાળા સ્વ.મુળજીભાઇ નાનજીભાઇ ધોરડા પરિવાર ઉપર વજઘાત

# રાજકોટ પરજીયા સોની સમાજનાં અગ્રણી વેપારી શ્રી બકુલભાઇ ધોરડાનું નિધન : ઘેરો શોક

## સ્વ.બકુલભાઇની અંતિમાયાત્રામાં બહોળા સમાજમાં વેપારીઓ જોડાયાં : આજે સદ્દગતનું ઉઠમણું



અમરેલી,

હલેન્ડા વાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. મુળજીભાઈ નાનજીભાઈ ધોરડા ના પુત્ર બકુલભાઈ મુળજીભાઈ ધોરડા (ઉ. ૬૩)નું નિધન થતા પરજીયા સોની સમાજ અને રાજકોટનાં વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે.

રાજકોટનાં અગ્રણી વેપારી અને પરજીયા સોની સમાજનાં આગેવાન સ્વ.બકુલભાઈનું નિધન થતા તેમની સ્મશાન યાત્રામાં બહોળી સંખ્યામાં વેપારીઓ જોડાઈ અને તેમને શ્રધ્ધાંજલી પાઠવી હતી તે રાજકોટનાં પરજીયા સોની સમાજનાં અગ્રણીશ્રી ભુપતભાઈ, હસુભાઈ તથા ભરતભાઈના નાના ભાઈ તેમજ માલતીબેનના પતિ, મિહિરભાઈ, જયભાઈ તેમજ પાર્થ ના પિતાશ્રી થતા હતાં. તેઓનું ઉઠમણું તા. ૨૭/૧૨/૨૪ને શુક્રવાર ના રોજ મોહનભાઈ હોલ ખાતે બપોરે ૪થી ૬ કલાકે રાખેલ છે.મોં. ભુપતભાઈ : ૯૪૨૬૭૧૨૭૬૧, ભરતભાઈ ૯૮૯૮૩૨૩૩૨૩, મિહિરભાઈ:૯૫૧૦૫૩૯૫૯૯

# દામનગરનાં રાભડા શાળાનાં શિક્ષકને વિદાયમાન અપાયું

## શાળામાં ફરજ બજાવતા શિક્ષકની બદલી થતા અપાયેલું વિદાયમાન



દામનગર, (વિનોદ જયપાલ)

દામનગર ના રાભડા પ્રાથમિક શાળાના મિષ્કર્ષ ના ઘડવૈયા માસ્તરો ને સજળ નેત્રે વિદાય રાભડા પ્રાથમિક શાળા માં ફરજ બજાવતા મોટીવેશનલ સ્પીકર શિક્ષક મહેશભાઈ મોટકા અને પટેલ મીનાબેન ની વતનમાં બદલી થતાં સમગ્ર રાભડા પ્રાથમિક શાળામાં ભાવુક વિદાય આપવામાં આવી વાલી અને વિદ્યાર્થીના માનસપટ ઉપર અમીટ છોડી જતા બંને શિક્ષકોના ની ઉત્તમ કેળવણી સાથે બંને શિક્ષક ની મહત્તા કેટલી હશે તે વિદાય સમયે તાદ્રશ્ય થતું હતું ભાવુક દ્રશ્યો એ હાજર સૌ કોઈ ની આંખો ભીંજવી હતી વ્હાલા સ્વજન જેટલી જ વસમી વિદાય આપતા સ્થાનિક અગ્રણી ઓ વાલી ઓ અને વિદ્યાર્થી ઓ સોધાર આંશુ ભીની આંખે 'માં' જેટલું સ્તર ધરાવતા બંને શિક્ષકો ને વિદાય આપી હતી શાળાના બાળકો અને વાલીગણ તથા સ્ટાફ મિત્રોએ રડતી આંખે દ્રવિત રદયે બંને શિક્ષકોને યાદગાર વિદાય આપી હતી.

### સારહિ યથ કલબ-તાલુકા હેલ્થ કચેરીના સંયુક્ત ઉપક્રમે

# અમરેલીના નં.૧૧ તથા વોર્ડ નં-પ નો સંયુક્ત આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

## ઈ-કેવાયસી કેમ્પનો બહોળા પ્રમાણમા લાભ ઉઠાવતા લાભાર્થીઓ



અમરેલી,

સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તળે તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુશ્યમાન વયવંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમા ચાલી છે .આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી-અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.-૧૧ તથા વોર્ડ નં.-પ નો કેમ્પનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્ર, ચકરગઢ રોડ, અમરેલી ખાતે કરવામા આવેલ જેમા બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ લાભ ઉઠાવેલ હતો. આ કાર્યક્રમમાં મુકેશભાઈ સંઘાણી, બિપીનભાઈ લીંબાણી, શેખવા, સંજય(ચંદુ) રામાણી, કાળુભાઈ પાનસુરીયા, નરેશભાઈ મહેતા, ચિરાગભાઈ ત્રિવેદી, દિલાભાઈ વાળા, હરેશભાઈ કાબરીયા, હરેશભાઈ ચાવડા, અશ્વિનભાઈ કાનાણી, ચિરાગભાઈ ચાવડા, સનિભાઈ ડાબસરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

# ધારીના દલખાણીયામાં કબડ્ડી ચેમ્પિયનશીપ યોજાઇ

## પ્રા.શાળા ખાતે આયોજન : રાજયમાંથી ૨૧ જિલ્લાની ટીમોએ ભાગ લીધો



ધારી, ધારીના દલખાણીયા પ્રાથમિક શાળામાં ૫૦મી જુનિયાર ભાઈઓ બહેનો કબડી ચેમ્પિયન શીપ નું આયોજન દલખાણીયા પ્રાથમિક શાળા ખાતે તારીખ ૨૧૧૨૨૦૨૪થી ૨૫૧૨૨૦૨૪ દિન પાંચ કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યમાંથી કુલ બહેનોની સ્પર્ધામાં ૨૧ જીલ્લા ની ટીમોએ ભાગીદારી નોંધાવેલ જેમાં મોરબી ટીમ વિજેતા બનેલ હતી ભાઈઓની ટુર્નામેન્ટમાં કુલ ૩૦ જિલ્લાએ પ્રતિનિધિત્વ કરેલ જેમાંથી વડોદરા ની ટીમ વિજેતા બનેલ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સરળતાપૂર્વક થયેલ હતો સમગ્ર કાર્યક્રમનું સંકલન દલખાણીયા પ્રાથમિક શાળાના ખેલ સહાયક શિક્ષક વિજયભાઈ વાળા એ કરેલ હતું કાર્યક્રમ ગુજરાત રાજ્ય સ્ટેટ કબડી એસોસિયેશન ના પ્રમુખ શ્રી મંત્રી શ્રી ઉપપ્રમુખ શ્રી શ્રી ડી એલ એસ એચ ડાયરેક્ટર ભાજપ ના આગેવાના સુરેશભાઈ ધોરાજીયા શ્રી ધારી સીઈઓ કોન્ટમ બોટ સીઈઓ એ આઈ સાન્ટે તેમજ નામી અનામી અનેક અધિકારીઓ પદ અધિકારીઓ કાર્યક્રમ માણેલ હતો સમગ્ર દલખાણીયા ગામમાં કબડી કબડી થઈ ગયું હતું ને દલખાણીયા ના બાહોશ પત્રકાર બટુકભાઈ સોલંકી તથા યોગેશભાઈ સોલંકી નું ભાવ ભર્યું સન્માન કરવામાં આવ્યું હતું પત્રકારોને તાલીઓ થીવધાવ્યા હતા જયોતિ સીએનસી રાજકોટ યુરા ટોમ સોલાર અને ભરતભાઈ વાઘેલા બોરડી એ સમગ્ર કાર્યક્રમમાં ભામાશા બની દાન આપેલ હતું અહીં રમનાર ખેલાડીઓએ હવે ઉતરાખંડ ખાતે નેશનલ કક્ષાએ પોતાનું કૌતુક બતાવશે સમગ્ર ગામ દલખાણીયા એ ખૂબ જ ઉઠાવી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનો સ્ટાફ શાળાના આચાર્ય હેમલભાઈ જયસ્વાલ તથા તેમની ટીમ ગામના આગેવાન સુરેશભાઈ ધોરાજીયા એ પૂરેપૂરો સાથ સહકાર આપી કાર્યક્રમને પૂર્ણ કરેલ હતો. તેમ યોગેશ સોલંકીએ જણાવ્યું હતું.

# વડિયા વિસ્તામાં નકલી ડેરી પ્રોડક્ટ તેમજ મીઠાઈના ધમ ધમતા હાટડા, તંત્રનુ ભેદી મૌન

## નકલી પનીર બનાવતી ફેક્ટરીઓ, નકલી દૂધ,મીઠાઈ,ફાસ્ટફુડ ચટણી સહિતના નમૂના લેવા જરૂરી

વડિયા, (ભીખુભાઈ વોરા)સમગ્ર રાજ્યમાં હાલ નકલીની બોલબાલા છે ત્યારે રોજ એક નવી નકલી વસ્તુ પકડાઈ છે તો ખાદ્ય ચીજો માં નકલી વસ્તુઓ નો દબદબો વધતા આજે અનેક લોકોના આરોગ્ય સાથે ચેડા થતા અનેક લોકો ગંભીર બીમારીઓથી પીડાતા જોવા મળી રહ્યા છે તો અનેક લોકો ગંભીર બીમારીઓથી મૃત્યુ પામ્યા છે. અમરેલી જિલ્લા ના વડિયા કુંકાવાવ તાલુકા માં પણ અનેક નકલી વસ્તુઓ બનાવતી ફેક્ટરીઓ ધમ ધમી રહી હોવાની વાતો લોકમુખે સાંભળવા મળી રહી છે. કુંકાવાવ અને વડિયા માં અનેક ડેરી ના ધંધાર્થિઓ ચાલુ લગ્નસરાની સીઝન માં જોઈએ તેટલી મીઠાઈ ઓ, ભજીયા ની ચટણી, દૂધ, પનીર, ઘી સાહિતની વસ્તુઓ હાજર સ્ટોક માં આપે છે ત્યારે અસહ્ય ભેળસેળ વાળી વસ્તુઓ હાલ વડિયા અને કુંકાવાવ ના માર્કેટમાં ફૂલીફાલી વેચાઈ ને લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લાનો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જાણે ઘોર નિંદ્રા ની સ્થિતિ માં સૂતો હોય તેમ જોવા મળી રહ્યું છે. હાલ નકલી પનીર, નકલી દૂધ, ભેળસેળ વાળી મીઠાઈ ઓ, કલર યુક્ત ભજીયા ની ચટણી, સહીત ની વસ્તુઓ બનાવતા અને વેંચતા વેપારીઓ ને ત્યાં દરોડા પાડી આ તમામ વસ્તુઓના સેમ્પલ લેવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.જાણવા મળતી વિગતો મુજબ જેતપુર માં નકલી પનીર બનાવતી ફેક્ટરી હતી તે તંત્ર એ બંધ કરાવતા તે હવે અમરેલી જિલ્લા ના તંત્રના આશીર્વાદથી વડિયા ગામમા ગેબાનશાહ પીર ની દરગાહ પાસે ધમધમવા લાગી છે ત્યારે છેલ્લા વર્ષોથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મીઠી નજર નીચે વડિયા કુંકાવાવ માં નકલી વસ્તુઓનો વેપલો ફૂલો ફાલો વધ્યો છે અને અનેક લોકો કેન્સર, હાથ પગના સાંધા પકડવા જેવી બીમારીઓના ભોગ બન્યા છે ત્યારે તાત્કાલિક આ બાબતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જાગે અને કાર્યવાહી કરે તે ખુબ જરૂરી બન્યું છે.જો કે ફરસાણ ના વેપારીઓ પણ હાલ બેફામ ભાવ વધારો અને નબળા તેલથી વસ્તુઓ બનાવે છે ત્યારે તેમને ત્યાં પણ તેલ અને ફરસાણ સાથે અપાતી કલરફૂલ ચટણી ના નમૂના લેવા જરૂરી છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### જામનગરમાં સોલાર ટ્રી ટાવર લગાવાશે

જામનગર,

જામનગર મહાનગર પાલિકાએ શહેરના એમ્યુઝમેન્ટ પાર્કમાં સોલાર ટ્રી ટાવર લગાવવાની એક નવીન પહેલ કરી છે. આ ટાવરો દ્વારા પાર્કમાં વપરાતી વીજળી પેદા કરવામાં આવશે, જેનાથી વીજ બિલમાં નોંધપાત્ર ઘટાડો થશે. જામનગર મહાનગર પાલિકા દ્વારા વીજબીલથી બચવા અને લોકજાગૃતિ માટે અનોખી પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે જામનગર શહેરમાં આવેલા એમ્યુઝમેન્ટ પાર્કમા સોલાર ટ્રી ટાવર બનાવવા નિણર્ય કરવામાં આવ્યો છે.

### લીંબડીમાં શિક્ષકોની અછત સર્જાઇ

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના ભથાણ ગ્રામજનોની માંગ છે કે, શાળામાં ખાલી પડેલી શિક્ષકની જગ્યાઓ પર તાત્કાલિક ભરતી કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો ન રહે લીંબડી તાલુકાના ભથાણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં છેલ્લા ૬ મહિનાથી ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકોની અછત સર્જાઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. આ સમસ્યાને કારણે વિદ્યાર્થીઓને આ મહત્વના વિષયોનું જ્ઞાન મળી રહ્યું નથી, જે તેમના ભવિષ્ય માટે ચિંતાજનક છે. આ અંગે વાલીઓ અને ગ્રામજનોએ શાળાના આચાર્યને અનેક વખત રજૂઆત કરી છે.

### વડાલીમાં સરકારી સાયકલો દુકાનોમાં દેખાઇ

સાબરકાંઠા,સાબરકાંઠાના વડાલી તાલુકામાં ૨૦૨૩ની સાયકલો પ્રાઈવેટ દુકાનમાં જોવા મળી, તંત્ર સામે અનેક સવાલો સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૨૦૨૩ની ગ્રાન્ટમાં મંજૂર થયેલી સાયકલો હજુ સુધી વિદ્યાર્થીઓને આપવામાં આવી નથી, પરંતુ આ સાયકલો ખાનગી દુકાનમાં જોવા મળી રહી છે. આ ઘટનાએ વિસ્તારમાં અનેક સવાલો ઉઠાવ્યા છે. જિલ્લામાં સાયકલ વિતરણમાં મોટા પાયે કૌભાંડ થયું હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. હજારોની સંખ્યામાં સાયકલો વિતરણ વગર જ પડી રહી છે અને કેટલીક સાયકલો તો ભંગાર બની ચૂકી છે.

### રાજકોટના નવાગામમાં બાળ લગ્ન સામે ફરિયાદ

રાજકોટ,રાજકોટ નજીકના નવાગામમાં ૨૦૨૨ની સાલમાં ૧૬ વર્ષની તરૃણી અને ૨૮ વર્ષના યુવાન વચ્ચે થયેલા લગ્ન બાબતે વર ઉપરાંત વર-કન્યાના માતા-પિતા અને ગોર મહારાજ સામે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સંતોષભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦૨૨ના એપ્રિલ મહિનામાં બાળ લગ્ન થયા અંગેની અરજી થઈ હતી. જેની તત્કાલીન સમાજ સુરક્ષા અધિકારીએ તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતુ કે કન્યાની ઉંમર લગ્નના દિવસે ૧૬, ૧૧ માસ અને ૬ દિવસ હતી. જ્યારે વરની ઉંમર લગ્નના દિવસે ૨૮ વર્ષ, ૧૨ દિવસ હતી. આ લગ્ન નવાગામ ખાતે થયા હતા. જેની કંકોતરી પણ છપાવાઈ હતી. વર ઉપરાંત વર-કન્યા પક્ષના માતા-પિતા અને ગોર મહારાજ સહિતનાઓના નિવેદનો પણ લેવાયા હતા.

### બોપલમાં 3.33 કરોડની છેતરપિંડીનો પર્દાફાશ

અમદાવાદ,અમદાવાદના બોપલ-ઘૂમામાં ૨ બિલ્ડરોએ ૨૨ માળની બિલ્ડિંગ બનાવાની ખોટી સ્કીમ ઉભી કરીને લોકોના ૩.૩૩ કરોડ ચાઉં કરી ગયા, ફક્ત ૧ વ્યક્તિ પાસેથી ૨.૨૩ કરોડ વસૂલ્યા હતા અમદાવાદ શહેરના બોપલ વિસ્તારમાં ૨ બિલ્ડરોએ દુકાન અને ફ્લેટ વેચવાના નામે લોકોને છેતર્યા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પ્રિવિલોન બિલ્ડકોન નામની ભાગીદારી પેઢી બનાવીને આરોપીઓએ ઘુમા ગામની સીમમાં નકલી સ્કીમ ઉભી કરી હતી અને લોકો પાસેથી કરોડો રૂપિયા ઉંચા કર્યા હતા. આ મામલે પોલીસે જયદીપ કેતનભાઈ કોટક અને હિરેન અમૃતલાલ કારીયા નામના ૨ બિલ્ડરો સામે ૩.૩૩ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધી છે.

### નવરંગપુરામાં ૯.૨૫ લાખના દાગીનાની ચોરી

અમદાવાદ,

ભાટ ખાતેના સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ડાયરેક્ટરના નવરંગપુરા ખાતેના લેટનું તાળું તોડીને તસ્કરો ધોળા દિવસે ૯.૨૫ લાખના દાગીના ચોરી ગયા હતા. જે અંગે નવરંગપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ડાયરેક્ટર ઓફિસે ગયા અને તેમના પત્ની જ્વેલર્સમાં ગયા હતા ત્યારે માત્ર ચાર જ કલાકમાં તસ્કરો હાથફેરો કરી ગયા હતા. નવરંગપુરા સ્થિત ઈશ્વરભુવન ખાતેના સૂર્યા એપાર્ટમેન્ટમાં રહેતા ધર્મેશભાઈ વન્ડરા ભાટની સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવે છે. તેમની પત્ની નિમેષાબેને નવંગપુરામાં ફરિયાદ નોંધાવી છે કે મંગળવારે તેમના પતિ ઓફિસે ગયા હતા. ત્યારબાદ લગભગ અઢી વાગ્યના સુમારે તેઓ ઘરને તાળું મારીને એક્ટિવા પર સેટેલાઈટ ખાતેના ઈન્દ્રીયા જ્વેલર્સ પર ગયા હતા. જ્યાં પોતાનું કામ પૂરું કરીને લગભગ સાડા છ વાગ્યે તેઓ ઘરે પહોંચ્યા હતા. ત્યારે તેમના પતિ પણ ઓફિસેથી આવી ગયા હતા. નિમેષાબેન સીડી ચઢીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેમના ફલેટને મારેલું તાળું સીડીમાંથી મળ્યું હતું. તરત જ તેમણે લેટ પર જઈને જોતાં તાળું અને નકુચો તૂટેલા હતા.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# વેરાવળમાં વ્યાજ સાથે પૈસા ચુકવી દેવા છતા પણ પઠાણી ઉઘરાણી કરી

## પોલીસે ૧૧ શખ્સોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડયા



વેરાવળ,વેરાવળમાં રજનીકાંત બાબુભાઈ માવદીયાએ સને ૨૦૧૯ માં દુકાન લીધેલ હોય.અને સને ૨૦૨૧ માં મકાનની લોન લીધેલ હોય.જેના હપ્તા ભરવા માટે ધનસુખ બાબુભાઈ સુયાણી,કાલીદાસ હીરાભાઈ ,કિશન કેશવભાઈ વણીક,અરવિંદ લાખાભાઈ પરમાર,રમેશ જેઠાલાલ વાદરવાલા,નિતિન દામોદર ભાઈ માવદીયા,ધર્મેશ ગોવિંદભાઈ જુગી,જીતેન્દ્ર કાળાભાઈ ગોહેલ,ઈશ્વર ચુનીલાલ પીઠડીયા,સુરેશ દામોદરભાઈ માવદીયા, ચંદ્રકાંત તુલસીભાઈ સુયાણીને સને ૨૦૧૯ થી અત્યાર સુધીમાં અલગ અલગ સમયે રૂા.૮૩,૦૦,૦૦૦ વ્યાજે લીધેલ હોય.અને વ્યાજ સહિત અત્યાર સુધીમાં રૂા.૯૬,૫૦,૦૦૦ જેટલી રકમ ચુકવી આપેલ હોય.તેમ છતા તમામ આરોપીઓએ મુદલ તથા વ્યાજ બાકી હોવાનું જણાવી તમામ આરોપીઓને રજનીકાંતભાઈની દુકાન તથા ઘરે અવાર નવાર આવી મારમારવાની તથા દુકાન બંધ કરાવી દેવાની ધમકીઓ આપી ફરિયાદી તથા તેમના દિકરીના સિકયુરીટી પેટે આપેલા ચેકો રીટર્ન કરાવી કોર્ટમાં કેસ કરવાની ધમકી આપી મુદલ તથા વ્યાજના રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતા વેરાવળ સીટી પોલિસ મથકમાં ફરિયાદ કરતા પી.આઈ. એચ.આર.ગૌસ્વામી તથા પી.એસ.આઈ .કે.એન.મુછાળ અને પોલિસ સ્ટાફે ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડયા હતા.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવા માર્કેટયાર્ડમાં સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો

## નવી પ્રાથમિક ડેરી મત્સ્ય અને વિવિધ સહકારી મંડળીઓની નવરચના અંગે માર્ગદર્શન

મહુવા,મહુવા માર્કેટયાર્ડમાં સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવી સંરચના થયેલા મંડળીઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દેશભરમાં નવીન પ્રાથમિક. ડેરી. મત્સ્ય અને વિવિધ સહકારી મંડળીઓની દેશભરમાં ૧૦,૦૦૦ નવરચના થયેલ છે જેના સંદર્ભે જિલ્લા કક્ષાનો સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ મહુવા માર્કેટિંગ યાર્ડ ખાતે આજરોજ તારીખ ૨૫/ ૧૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ હતો.આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા રજીસ્ટ્રાર શ્રી દેસાઈ. મહુવા ના ધારાસભ્ય શ્રી શીવાભાઈ ગોહિલ. ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંકના સી.ઈ.ઓ શ્રી વાળા. નાબાર્ડના અધિકારી શ્રી ખલાસ . મહુવા માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી ગભરુભાઈ કામળીયા. વાઈસ ચેરમેન શ્રી બાબુભાઈ જોલીયા તથા ડાયરેક્ટર શ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં ખેડૂતભાઈઓ અને સહકારી આગેવાનો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે જિલ્લાની નવરચિત સહકારી મંડળીઓને નોંધણી પત્ર તેમજ મહુવા માર્કેટિંગ યાર્ડની મંજુર થયેલ સબસીડીનો હુકમ જિલ્લા રજીસ્ટ્રારશ્રી અને ધારાસભ્ય શ્રી દ્વારા એનાયત કરવામાં આવેલ હતા. તેમજ આ કાર્યક્રમમાં જિલ્લા રજીસ્ટ્રાર શ્રી દેસાઈ સાહેબ દ્વારા સહકારી મંડળીઓની નવીન રચના અને સહકારથી સમૃદ્ધિ વિષયક માર્ગદર્શન આપવામાં આવેલ હતું.આજના દિવસે દેશના સહકાર મંત્રી શ્રી અમિત શાહ તેમજ રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સહકાર મંત્રી શ્રી જગદીશ પંચાલે ઓનલાઈન વેબિનારના માધ્યમથી કાર્યક્રમને સંબોધન કરેલ હતું.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ ત્રણ દિવસ સૌરાષ્ટ્ર પ્રવાસે

## જુનાગઢ, ભાવનગર, રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે




જુનાગઢ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટલે આવતીકાલે તા. ૨૭ડિસેમ્બરથી તા. ૨૯ ડિસેમ્બર એટલે કે ત્રણ દિવસ સૌરાષ્ટ્ર પ્રવાસે જવાના છે. આ ત્રિદિવસીય પ્રવાસમાં મંત્રી શ્રી ભાવનગર, જુનાગઢ , રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે. વગતે પ્રવાસ જોઈએ તો મંત્રીશ્રી ષિકેશ પટેલ તા. ૨૭ મી ના રોજ ભાવનગર ખાતે વડાપ્રધાનશ્રીના એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ, ભાવનગર સરકારી હોસ્પિટલની મુલાકાત લેશે.અમદાવાદ સિવિલ મેડિસીટીની તર્જ પર ભાવનગર હોસ્પિટલમાં ચાલી રહેલ સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના નિર્માણ કાર્યના વિવિધ પ્રોજેક્ટની સમગ્રતયા સમીક્ષા કરશે.તા. ૨૮ ડિસેમ્બરના રોજ જુનાગઢ અને રાજકોટ હોસ્પિટલમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ, સ્થાનિક સમસ્યાઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ, વિવિધ નાગરિકો તરફથી મળતી રજૂઆત અને ફરિયાદ સંબંધિત બેઠકકરીને વિગતવાર આ મુદ્દાઓ પર ચર્ચા અને સમીક્ષા કરશે. આ દરમિયાન મંત્રી શ્રી હોસ્પિટલની મુલાકાત લઈને ત્યાની પરિસ્થિતિ, મુખ્ય જરૂરિયાતો, આગામી ડેવલપમેન્ટ પ્લાનની પણ માહિતી મેળવશે.તા. ૨૯ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજરી આપ્યા બાદ જામનગર ખાતે આયોજીત ઉમિયામાતાજી મંદિર સિદસરના શતાબ્દી મહોત્વસ-૨૦૨૪માં પણ ઉપસ્થિત રહેશે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# રાષ્ટ્ર કક્ષાએ કબડ્ડીમાં કચ્છનું નામ રોશન કર્યુ



ભુજ,રમત ગમતમાં શ્રેષ્ઠતા રાષ્ટ્ર માટે ગૌરવ લાવે છે અને રાષ્ટ્રના નાગરિકોના સ્વસ્થ અને સુખી સમાજનું નિર્માણ કરવામાં મદદ કરે છે. રમત ગમત સામાજિક અને સાંસ્કૃતિક સીમાઓને એક કરીને રાષ્ટ્રને પણ એક કરે છે. ભાઈચારો અને સમુદાયના બંધનને પ્રોત્સાહન આપવા માટે રમત ગમત સિવાય કોઈ સહેલો રસ્તો નથી. આ જ હેતુ સાથે ભારતના પ્રવર્તમાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી ગુજરાત રાજ્યના સ્વર્ણિમ જયંતિ વર્ષ-૨૦૧૦થી મેગા સ્પોર્ટિંગ ઈવેન્ટ 'ખેલ મહાકુંભ'ની શરૂઆત કરાઈ હતી. આજે ખેલ મહાકુંભ રાજ્યના રમતવીરો માટે પોતાનું કૌવત દર્શાવવા તથા રમત ગમત ક્ષેત્રે કારર્કિદી ઘડવામાં મહત્વની ઈવેન્ટ બની ચુકી છે. ત્યારે કચ્છના રમતવીરો આગામી ખેલમહાકુંભમાં મોટી સંખ્યામાં ભાગ લઈને રાજયને ગૌરવાન્વિત કરશે. ખેલ મહાકુંભ થકી રમત-ગમત ક્ષેત્રે ઉચ્ચ સોપાન સર કરનાર શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર, (હરીપર-ભુજ)ની કબડ્ડીની ખેલાડી ધો. ૧૧ કોમર્સની કૃપા વિનોદ રાબડીયા જણાવે છે કે, તેઓ છેલ્લા ૪ વર્ષથી ખેલ મહાકુંભમાં કબડ્ડી રમે છે. જેમાં તેઓ નેશનલ કક્ષાએ પસંદગી પામીને કચ્છ, રાજ્ય અને પરિવારનું નામ રોશન કરી ચુક્યા છે. કબડ્ડી સાથે અન્ય રમતમાં પારંગત કૃપા ૩૦૦૦ મીટર દોડમાં રાજયકક્ષાએ રમી ચુક્યા છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં.૭
તા.૨૭-૧૨-૨૦૨૪ શુક્રવાર



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઇલાઇટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઇનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઇડ્રા, બ્રાઇડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઇન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઇન રોડ, ચિતલ રોડ, અમરેલી.


## પહેલા પાનાનું
## એસટી બસ ઉંધી

સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત પેસેન્જર ને સારવાર અર્થે મોકલાયા હતાં. જ્યાં વડિયા સીવીલ હોસ્પિટલ ના ડો. પીઠવા અને ડો. ડોડીયા દ્વારા તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરાઈ હતી અને રાજાભાઈ નૂણ - બસ ડ્રાંઈવર જૂનાગઢ રીફર, રેશમાબેન આદમાણી રહે. વડિયા - જેતપુર રીફર, ઈદ્રીશભાઈ



આદમાણી-રહે.વડિયા-અમરેલી રીફર, સાદીયાબેન આદમાણી - રહે. વડિયા જેતપુર રીફર કરવામાં આવેલ હતાં.


શ્રી ગણેશાય નમઃ
BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ



સંકુલ PG બોયઝ કોલેજ – મંજુરી પ્રક્રિયા ચાલુ
★ સંકુલ માં M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેક્નોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.
★ સંકુલ માં M.Com ઈંગ્લીશ મિડીયમ – M.Com. ગુજરાતી મિડીયમ ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજની મંજુરી માંગેલ છે.
★ સંકુલ માં MA ઈંગ્લીશ – MA સાયકોલોજી – MA સોસીયોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 086



અરોમા પ્રિમીયમ બોડી સ્પા
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
દિવાળી ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
એપોઇન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,અમરેલી-૩૬૫૬૦૧



શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી



એક જ ભાવ વ્યાજબી ભાવ
Anand
હંમેશા કંઇક નવું...
શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


### મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા

બ.ડે.રજી.કેસ નં.૧૭/૨૪ — નં.એમ.એ.જી./વશી/૪૫૧/૨૦૨૪
તા.૨૩-૧૨-૨૦૨૪

અરજદાર :- શ્રી રામાણી દુલાભાઈ લાલજીભાઈ રહે.મોટા સરાકડીયા, તા.ખાંભા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી મોટા સરાકડીયા ગ્રામ પંચાયત, તા.ખાંભા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રામાણી દુલાભાઈ લાલજીભાઈ રહે. મોટા સરાકડીયા, તા.ખાંભા વાળાએ તેમના પુત્રી નામે અસ્મીતાબેન દુલાભાઈ રામાણીનો જન્મ તા.૦૧-૧૦-૧૯૮૮ ના રોજ ખાંભા તાલુકાના મોટા સરાકડીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના અરજદારશ્રીને જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સદરહુ મુદત તા.૨૩-૦૧-૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

### મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા

બ.ડે.રજી.કેસ નં.૧૬/૨૪ — નં.એમ.એ.જી./વશી/૪૧૨/૨૦૨૪
તા.૨૩-૧૨-૨૦૨૪

અરજદાર :- શ્રી સુરેશભાઈ મનસુખભાઈ ચોડવડીયા રહે.વાંકીયા, તા.ખાંભા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી વાંકીયા ગ્રામ પંચાયત, તા.ખાંભા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી સુરેશભાઈ મનસુખભાઈ ચોડવડીયા રહે. વાંકીયા, તા.ખાંભા વાળાએ તેમના માતૃશ્રી કાંતાબેન મનસુખભાઈ ચોડવડીયાનું મરણ તા.૨૫-૦૯-૧૯૯૭ ના રોજ ખાંભા તાલુકાના વાંકીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના અરજદારશ્રીને મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સદરહુ મુદત તા.૨૩-૦૧-૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

### મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા

બ.ડે.રજી.કેસ નં.૧૮/૨૪ — નં.એમ.એ.જી./વશી/૪૫૫/૨૦૨૪
તા.૨૩-૧૨-૨૦૨૪

અરજદાર :- શ્રી કુરેશી દાદુભાઈ જમાલભાઈ રહે.નાનુડી, તા.ખાંભા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી નાનુડી ગ્રામ પંચાયત, તા.ખાંભા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી કુરેશી દાદુભાઈ જમાલભાઈ રહે. નાનુડી, તા.ખાંભા વાળાએ તેમના પુત્ર નામે કુરેશી નનુભાઈ દાદુભાઈનું મરણ તા.૦૮-૦૯-૨૦૦૫ ના રોજ ખાંભા તાલુકાના નાનુડી મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના અરજદારશ્રીને મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સદરહુ મુદત તા.૨૩-૦૧-૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

### મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૩૨૮/૨૦૨૪......................તા.૧૨-૧૨-૨૦૨૪
અરજદારશ્રી :- ૧. બાલાભાઈ લખુભાઈ ગોહીલ રહે.સાવરકુંડલા, જી.અમરેલી
સામાવાળા :- ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા કચેરી સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી જીવણીબેન બાલાભાઈ ગોહીલનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮-૧૧-૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨-૧૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા

### મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૩૨૯/૨૦૨૪......................તા.૧૨-૧૨-૨૦૨૪
અરજદારશ્રી :- ૧. ઘનશ્યામભાઈ નારણભાઈ નારીગરા રહે.શોભાવડલા લશ્કર, તા.વિસાવદર, જી.જુનાગઢ
સામાવાળા :- ૧. તલાટીકમ મંત્રીશ્રી ફાચરીયા ગ્રામ પંચાયત, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ઘનશ્યામભાઈ નારણભાઈ નારીગરાનો જન્મ તા.૦૧-૦૨-૧૯૭૫ ના રોજ મુ.ફાચરીયા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭-૦૧-૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨-૧૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા

## દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથીએ
# સ્મરણાંજલી



**સ્વ. ગીતાબેન ગોવિંદભાઇ મકવાણા**
**સ્વ. તા. ૨૭-૧૨-૨૦૨૨**

જ્યારે બધા માટે બે વર્ષ પસાર થઇ ગયા છે પરંતુ અમારા માટે તો એ દિવસ દુઃખ અને આંસુના હતા. અમે ઇચ્છીએ છીએ કે અમે તમને ફરી એક વાર જોઇ શકીએ જે દિવસથી તમે અમારાથી વિદાય લીધી ત્યારથી અમારૂ હદય તુટી ગયુ છે, અને જે યાદોને અમે ખુબ જ ચાહીએ છીએ તે આંસુમાં છે જે હજુ પણ વહે છે, અમે બે વર્ષથી તમારો અવાજ સાંભળ્યો નથી પરંતુ તમારો પ્રેમ અને આશિર્વાદ સદા અમારા માટે પથદર્શક બની રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લી.

ગોવિંદભાઇ છગનભાઇ મકવાણા (પતિ)
કલ્પેશભાઇ ગોવિંદભાઇ મકવાણા (પુત્ર)
ધવલભાઇ ગોવિંદભાઇ મકવાણા (પુત્ર)
વૈશાલીબેન સુનીલભાઇ મકવાણા (પુત્રી)

**મકવાણા પરિવારનાં જય શ્રી કૃષ્ણ**

**ફર્મ : જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ - અમરેલી**

